**સુવિચાર**
લાયકાત વગરની પ્રાપ્તિ વધારે સમય ટકતી નથી.
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૦/૦૪/૨૦૨૫, રવિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ્ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

SINCE 1999
હરિ ૐ
PENDAWALA
નેચરલ શિખંડ/મઠો
બટર સ્કોચ શિખંડ
નવુ એસ.ટી.બસ સ્ટેન્ડ કોમ્પ્લેક્ષ, દુકાન નં.૯, અમરેલી, મો.8999990099

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૧ ચૈત્ર વદ–૭ વર્ષ : ૧૬ અંક : ૧૧૦

## માર્ગ અંગે એક સમાજનાં બે પરિવારો વચ્ચે ચાલતો વિવાદ લોહિયાળ બન્યો

# બગસરાનાં ખીજડીયા ગામે ૪૦ વર્ષિય યુવકની કરપીણ હત્યા

**સામાન્ય બોલાચાલી બાદ કાળુભાઈ ભોજભાઈ વાળાની કુહાડી વડે હત્યા કરી દેવામાં આવી**

**મારામારીમાં હત્યાનો ભોગ બનનારનો પુત્ર વચ્ચે આવતા તે પણ ઈજાગ્રસ્ત થતાં સારવારમાં**

**સામાપક્ષેથી જયરાજભાઈ પણ ઈજાગ્રસ્ત થતાં સારવારમાં ખસેડાયા**

**બનાવ બાદ એએસપી જયવીર ગઢવી સહિતનો પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી ગયો**


તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૧૯

બગસરાનાં ખોબા જેવડા ખીજડીયા ગામે આજે એક જ જ્ઞાતિનાં બે પરિવારનાં સદસ્ય વચ્ચે માર્ગ બાબતે ચાલતો વિવાદ લોહિયાળ બન્યો હતો. જેમાં ૪૦ વર્ષિય યુવકનું કમકમાટીભર્યુ મોત નિપજેલ. સાથે વચ્ચે પડેલ યુવકનાં પુત્ર તેમજ હુમલાખોર વ્યકિત પણ ઈજાગ્રસ્ત થતાં બંને ઈજાગ્રસ્તોને સારવારમાં ખસેડવામાં આવેલ છે.

વિગત એવા પ્રકારની છે કે, ખીજડીયા ગામનાં કાળુભાઈ ભોજભાઈ વાળા (ઉ.વ. ૪૦) અને જયરાજભાઈ વાળા વચ્ચે ઘણા સમયથી માર્ગને લઈને વિવાદ ચાલતો હતો. આજે બંને સામસામે આવી જતાં બંને વચ્ચે મારામારીની ઘટના બની હતી.

જેમાં જયરાજભાઈ વાળાએ કુહાડી વડે હુમલો કરતાં કાળુભાઈ વાળાનું મોત થયું હતું તો વચ્ચે પડેલ કાળુભાઈનાં દિકરા રાજદીપભાઈને પણ ગંભીર ઈજા પહોંચી હતી. જે હુમલો કરનાર જયરાજભાઈ વાળા પણ ઈજાગ્રસ્ત થતાં બંને ઈજાગ્રસ્તોને સારવારમાં ખસેડવામાં આવેલ છે.

બનાવની જાણ થતાં એએસપી જયવીર ગઢવી સહિતનો પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો. જોકે આ બનાવ અંગે મોડી સાંજ સુધી વિધિવત ફરિયાદ નોંધાઈ ન હતી અને વધુ વિગતો મેળવવામાં આવી રહી છે.

### હિંસાત્મક ઘટનાઓની એનઆઈએ દ્વારા તપાસની માંગ સાથે

## સાવરકુંડલા ખાતે પશ્ચિમ બંગાળમાં હિન્દુઓ પર થતાં અત્યાચારનાં વિરોધમાં મામલતદારને આવેદનપત્ર પાઠવાયું

**પશ્ચિમ બંગાળમાં રાષ્ટ્રપતિ શાસન લગાવવાની માંગ કરાઈ**



સાવરકુંડલા, તા. ૧૯

સાવરકુંડલા ખાતે વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા પશ્ચિમ બંગાળમાં હિન્દુઓ પર થઈ રહેલા અત્યાચારો તેમજ અન્ય બાબતો સંદર્ભે પશ્ચિમ બંગાળમાં રાષ્ટ્રપતિ શાસન લાદવાની માંગ સાથે મામલતદારને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું.

આ સમયે સાવરકુંડલા વિશ્વહિન્દુ પરિષદના આગેવાનો તથા હિન્દુ આગેવાન પણ જોડાયા હતા. આ આવેદનમાં (૧) પશ્ચિમ બંગાળમાં તાત્કાલિક ધોરણે રાષ્ટ્રપતિ શાસન લાગુ કરવામાં આવે. (૨) તમામ હિંસાત્મક ઘટનાઓની એનઆઈએ દ્વારા તપાસ થાય અને દોષિતોને કડક સજા મળે. (૩) દરેક સનાતની હિન્દુઓને સુરક્ષા મળે અને પલાયન થયેલા પરિવારોને ફરીથી સલામતભર્યું વાતાવરણ પ્રદાન કરવામાં આવે. (૪) બાંગ્લાદેશી અને રોહિંગ્યા ઘુસણખોરોને તાત્કાલિક ઓળખીને દેશ બહાર કાઢવાની કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ અંતમાં કરેલ છે.

### રખોપા હનુમાન ગૃપનાં નેતૃત્વમાં આવેદનપત્ર પાઠવાયું

## અમરેલીનાં હનુમાનજી મંદિર વિરૂઘ્ધ અભદ્ર ભાષાનો ઉપયોગ કરનાર સામે રોષની આંધી

**અવારનવાર આ ઈસમ દ્વારા હિન્દુ દેવી–દેવતાઓનું થાય છે અપમાન**



અમરેલી, તા. ૧૯

અમરેલીમાં રખોપા હનુમાન ગૃપ તથા વિવિધ હિન્દુ સંગઠન દ્વારા અમરેલી જિલ્લા પોલીસવડા, જિલ્લા કલેકટર તથા સીટી પોલીસ સ્ટેશનના પી.આઈ.ને એક આવેદનપત્ર પાઠવી અમરેલીના વસંતભાઈ ડાયાભાઈ ચાવડા અવાર–નવાર હિન્દુ દેવી–દેવતાનુ અપમાન કરી રહેલ હોય તેમની સામે દાખલારૂપ કાયદેસરની કાર્યવાહી કરવા માંગણી કરેલ છે.

આવેદનપત્રમાં જણાવેલ છે કે, અમરેલી શહેરમાં ચિતલ રોડ ઉપર આવેલ અંધશાળા સામે હનુમાનજી દાદાનુ પૈરાણીક મંદિર આવેલ છે અને આ મંદિર સાથે હિન્દુ લોકોનુ આ આસ્થાનુ કેન્દ્ર હોય અને હિન્દુ સમાજના બહોળી સંખ્યામાં લોકો આ મંદિરના દર્શન કરવા આવતા હોય છે.

ગત તા. ૧૪/૪ના રોજ અમરેલી શહેરના એક ઈસમ વસંતભાઈ ડાયાભાઈ ચાવડાએ સોશ્યલ મીડીયા ઉપર એક વિડીયો મુકેલ છે અને તે આ વિડીયોમાં હનુમાનજી દાદાના મંદિર વિશે અભદ્ર શબ્દ તેમજ ભાષાનો ઉપયોગ કરતા હોય અને આ મંદિર ત્યાંથી દુર થાય તેવા શબ્દ પ્રયોગ તેમણે કરેલા છે. જેથી આવા શબ્દોનો પ્રયોગ કરવાથી સમસ્ત હિન્દુ સમાજની લાગણી દુભાયેલ રહેલ છે.

અનુસંધાન પાના ૬ ઉપર

### રમેશભાઈ ગોહિલ અને કિરણબેન સાવલિયા વિરૂઘ્ધ ફરિયાદ

## અમરેલીનાં ''શ્રી જ્વેલર્સ''નાં સંચાલક સાથે રૂપિયા ૭૮ લાખનો વિશ્વાસઘાત

**૭૮ લાખનાં દાગીનાની ખરીદી કરીને હાથ ઉંચા કરી દીધા**

અમરેલી, તા. ૧૯

અમરેલીમાં આવેલ ચકકરગઢ રોડ સરદારનગર શેરી નંબર ૫ માં રહેતા રમેશભાઈ વશરામભાઈ ગોહિલ તથા અમરેલી બ્રાહ્મણ સોસાયટીમાં રહેતા કિરણબેન જેરામભાઈ સાવલીયા નામના બે આરોપીઓએ અમરેલીના કેરીયા રોડ, ભોજલપરા, રામજી મંદિર સામે રહેતા મનિષભાઈ ભીમજીભાઈ ભાલુ નામના વેપારીની શ્રી જવેલર્સ નામની દુકાનેથી

અનુસંધાન પાના ૬ ઉપર

### એક મહિના પહેલા વાડીએથી યુવક–યુવતીને ભગાડતા

## નાની કુંકાવાવનાં ખેડૂત યુવક ઉપર ૮ ઈસમોએ એકસંપ કરી કર્યો હુમલો

**સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ શરૂ કરી**

અમરેલી, તા. ૧૯

નાની કુંકાવાવ ગામે રહેતા રજનીભાઈ વિઠ્ઠલભાઈ મોલીયા નામના ૩૫ વર્ષિય ખેડૂતની વાડીએ આશરે એક મહિના પહેલા મોટી કુંકાવાવ

અનુસંધાન પાના ૬ ઉપર

Aikyam
એકયમ ન્યુરો સાઈકિયાટ્રી હોસ્પિટલ
ઈમરજન્સી સારવાર ૨૪ કલાક ઉપલબ્ધ..
ડૉ. વિવેક જોષી M.B.(Psy) D.P.M., F.I.P.S.,M.I.A.P.P.
કન્સલ્ટીંગ ન્યુરો સાઈકિયાટ્રીસ્ટ
મગજ, માનસિક રોગો, જાતિય નબળાઈ તથા વ્યસન મુકિતનાં નિષ્ણાંત..
:: લક્ષણો ::
ઉદાસી રોગ
મરવાના વિચાર આવવા
વિચારવાયુ
વહેમ, શંકા
મંદબુધ્ધિ બાળકોની સારવાર
ચિંતા - ટેન્શન
માથાનો દુ:ખાવો
જાતિય રોગો
વ્યસનમુકિત : દારૂ, બીડી, તમાકુ, કાલા
સ્થળ : પરમ કોમ્પલેક્ષ, બીજા માળે, ICICI બેંક પાસે, બસ સ્ટેશન રોડ, અમરેલી.
Mo. 9737028181 | Ph. 02792-224224
મગજના ગ્રાફ (E.E.G.) ની સુવિધા ઉપલબ્ધ...

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
85,500/-
(૧૦ ગ્રામ)
રહેલ તા. ૧૯/૦૪/૨૦૨૫ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સઅપ ડીપી જોવો
63549 73131
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૪૯ ૭૩૧૬૬

શું તમને સાંભળવાની તકલીફ છે ?
કોઈપણ ઉંમરના વ્યકિતની બહેરાશની તપાસ
બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે.
જૂના મશીન ઉપર EXCHANGE ઓફરની સુવિધા
પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં 100% સહાય
કાનના મશીન
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર
સ્પીચ અને હિયરીંગ કિલનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, જ્યુબીલી ધર્મશાળા પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
મો. ૭૨૬૫૦ ૬૩૩૬૩ સમય : સવારે ૧૦ થી ૨, સાંજે : ૫ થી ૮

# પ્રગતિશીલ ખેડૂતે કલીનીંગ, ગ્રેડીંગ મશીનથી ખેત પેદાશોની આવકમાં કર્યો વધારો



લીલીયા તાલુકાનાગોઢાવદર ગામના પ્રગતિશીલ ખેડૂત ભરતભાઈ નારોલાએછેલ્લા ૧૧ વર્ષથી ૪૭ વીઘા જમીનમાં ગૌ આધારિત પ્રાકૃતિક કૃષિ પદ્ધતિઅપનાવીછે. ઉંચી જાતનાબંસીઘઉં, દેશીબાજરોસહિતના પાકનું વાવેતર કરીને તેઓ મબલખ કમાણીકરીરહ્યાછે. ઝેરખાવુંનથી, ઝેર ખવડાવવું નથીની ઉમદા વિચારધારા સાથે પ્રાકૃતિક ખેતી કરતાં પ્રગતિશીલ ખેડૂત ભરતભાઈ નારોલા ખેતીમાં આધુનિકટેકનોલોજીનાઉપયોગના પણ હિમાયતી છે. જેમ જેમ સમય બદલાયો તેમ તેમ ખેડૂતો પણ ખેતપદ્ધતિમાં પરિવર્તન લાવી રહ્યા છે. આજે ખેતીમાં તૈયાર થયેલ વિવિધ પાક પેદાશો પૂર્ણ કલીનહોય, ગ્રેડીંગસાથે બજારમાં આવે તો તેની માંગ પણ વધે છે સાથે ગુણવત્તાલક્ષીખેતપેદાશોનાસારાભાવ પણ ખેડૂતોને મળે છે. ગૌ આધારિત પ્રાકૃતિક કૃષિ કરતા પ્રગતિશીલ ખેડૂત ભરતભાઈ નારોલાએ કલીનીંગ, ગ્રેડીંગ મશીન વસાવ્યુંછે, વિવિધખેત પેદાશોના મૂલ્યવર્ધન થકી ખેત પ્રવૃત્તિલક્ષી આવકમાં વધારો થયો છે. ખેતીમાં તૈયાર થયેલ વિવિધ કૃષિ પેદાશોમાં માટી, નાના મોટા દાણા, અન્ય કચરો પણ હોય છે. આથી તેને કલીન અને ગ્રેડીંગ કરવું અનિવાર્ય બને છે. કલીનીંગ અને ગ્રેડીંગ થકી વિવિધ પાક પેદાશોનું મૂલ્યવર્ધન કરવામાં આવે તો વિવિધ કૃષિ પેદાશોની ગુણવત્તા વધે છે, બજારમાં ગુણવત્તાલક્ષી માલનું વેચાણ કરીને વધુ સારા ભાવ પણ મેળવી શકાય છે. ભરતભાઈ નારોલા પોતાની ખેત પેદાશોના કલીનીંગ અને ગ્રેડીંગની સાથે આસપાસના ૧૦થી વધુ ગામોના ખેડૂતોની કૃષિ પેદાશોનું પણ કલીનીંગ–ગ્રેડીંગ કરીને વધારાની કમાણી કરી રહ્યા છે. ભરતભાઈ નારોલાએ જણાવ્યુ કે, ખેડૂતો વિવિધ કૃષિ પેદાશોનું કલીનીંગ અને ગ્રેડીંગ કરીને તેને વધુ ગુણવત્તાલક્ષી બનાવી શકે છે, કૃષિ પેદાશોના વેચાણ અર્થે ખેડુતોએ ઘર કે ખેતરે બેઠાં વેચાણ માટેની દિશામાં વિચારવાનો અને ખેતીલક્ષી પ્રવૃત્તિમાં થોડાં વધુ કદમ આગળ વધવાનો સમય છે. ઉલ્લેખનીય છે કે, ભરતભાઈએ આ વર્ષની આ ચાલુ સીઝનમાં ૨૫૦ ટન ઘઉં, ૭૦૦ મણ ચણા, ૪૦૦–૪૦૦ મણ તુવેર અને જીરૂં, કલોંજી, રાઈ સહિતની વિવિધ કૃષિ પેદાશોનું કલીનીંગ અને ગ્રેડીંગની પ્રક્રિયા (પ્રોસેસ) કરી કૃષિલક્ષી આવક માટે નવું સાહસ કરી અન્ય ખેડુતોને પણ એક કદમ આગળ આવવા પ્રેરણા પૂરી પાડી છે. તેમણે વધુમાં જણાવ્યુ કે, કલીનીંગ અને ગ્રેડીંગનો ખર્ચ પાકની ગુણવત્તાના આધારે ૧ કિલોગ્રામ દીઠ રૂા. ૧ થી રૂા. ૫ સુધી હોય શકે છે, જે નજીવો ખર્ચ છે અને ખેડૂતોને પરવડે તેમ છે. કલીનીંગ અને ગ્રેડીંગ બાદ ખેડૂતોની વિવિધ પાક પેદાશોના મૂલ્યવર્ધનમાં વધારો થાય છે. પૂંજાપાદર ગામના ખેડૂત સુરેશભાઈ વેકરિયાએ જણાવ્યુ કે, મને બજારમાં ઘઉંના ભાવ મણદીઠ રૂા. ૫૦૦ થી રૂા. ૫૫૦ સુધી મળે છે. પરંતુ જો હું પાકનું કલીનીંગ અને ગ્રેડીંગ કરીને ગુણવત્તાલક્ષી પાક બજારમાં વેચાણ અર્થે મૂકું તો મને તેના વધુ સારા ભાવો મળે છે. એકંદરે આવકમાં મારે ફાયદો થાય છે. ગુજરાત રાજયમાં પ્રાકૃતિક કૃષિ પદ્ધતિનો વ્યાપ સતત વધે તે માટે વિવિધ પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. ખેડૂતોને જરૂરી યોગ્ય માર્ગદર્શન અને પ્રોત્સાહન મળે તે માટે રાજય સરકાર પ્રયત્નશીલ છે. પ્રાકૃતિક કૃષિ પદ્ધતિના પ્રાથમિક તબક્કે પ્રોત્સાહક પરિણામો જોતા રાજયના અનેક ખેડૂતો પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ અપનાવતા થયા છે.

**આલેખન : શ્રી ધર્મેશ વાળા**
**તસવીર : શ્રી મધુસૂદન ધડુક**
**ફિલ્માંકન : શ્રી ભૂપત પાથર**

## અમરવલ્લીનાં વિદ્યાર્થીઓ માટે આંતરરાષ્ટ્રીય વિઝન ધરાવતા

# અમરેલીની સ્વનિર્ભર શાળા સંચાલક મંડળનાં પ્રમુખ હસમુખ પટેલનો કાલે જન્મ દિવસ

### તાજેતરમાં તેઓએ નિત્યમ વિદ્યા સંકુલની કરી છે સ્થાપના

અમરેલી, તા. ૧૯

સોમવાર એપ્રિલે અમરેલી વિદ્યાસભાના પૂર્વ ડાયરેક્ટર અને એ નિત્યમ્ વિદ્યાસંકુલના સ્થાપક છે તેવા શ્રી હસમુખ પટેલનો જન્મદિવસ છે. સમગ્ર અમરેલીમાં પટેલ સાહેબ તરીકે ઓળખાતા આ શિક્ષણવિદ છેલ્લા દોઢ દાયકાથી અમરેલીના વાલીઓ અને વિદ્યાર્થીઓમાં આદરણીય છે અને લોકપ્રિય છે. તેમના માર્ગદર્શનમાં સંખ્યાબંધ વિદ્યાર્થીઓ મેડિકલ અને એન્જિનિયરિંગ ક્ષેત્રે પોતાની કારકિર્દી ઘડી ચૂકયા છે.



તેઓ એક સારા આચાર્ય અને સારા સફળ કેમ્પસ ડાયરેક્ટર પણ છે. અમરેલી વિદ્યાસભામાં સમર્પિત ભાવે કામ કરવા માટે તેઓએ શિક્ષક તરીકેની રાજય સરકારની નોકરી છોડીને અમરેલીને જ વતન બનાવી દીધું છે. હવે તેઓ સહજ સીટી પરિસરમાં નિત્યમ્ વિદ્યાસંકુલની સ્થાપના અને શુભારંભ કરી રહ્યા છે. અમરેલી અને આસપાસના અંતરિયાળ ગ્રામ વિસ્તારના વિદ્યાર્થીઓને હાઈટેક શિક્ષણ અહીં ઘર આંગણે મળે એ માટે તેઓએ આગવું વ્યવસ્થાતંત્ર નિર્માણ કર્યુ છે. જુન ૨૦૨૪ના નવા શૈક્ષણિક સત્રથી ચાલુ થનારી આ નિત્યમ્ સંસ્થા સમગ્ર સૈરાષ્ટ્રમાં અમરેલીને આગવી ઓળખ આપશે.

તેઓ એક ઉચ્ચ કક્ષાના વિચારક છે. તેઓ વિદ્યાર્થીઓના વ્યકિતગત વિકાસના હિમાયતી છે. તેઓ વિદ્યાસભામાં હતા ત્યારે સતત શિક્ષકોને કહેતા કે માત્ર ચોક એન્ડ ટોકથી વર્ગખંડ ન ચલાવો. વિદ્યાર્થીઓને ક્ષેત્રમાં લઈ જાઓ અને હકીકતનો સાક્ષાત્કાર કરાવો. તેઓ શિક્ષણમાં વૈજ્ઞાનિક પ્રયોગો, પ્રવાસ, વ્યાયામ, કલાતવ, યોગસાધના અને આયુર્વેદિક અભિગમના પુરસ્કર્તા છે. જયાં જયારે તક મળી ત્યારે તેઓએ અનેક લોકસેવાકાર્યોનું પણ નેતૃત્વ લીધું છે. પર્યાવરણ ક્ષેત્રે હજારો વૃક્ષો ઉછેર કરવાનું શ્રેષ્ઠ કાર્ય તેઓએ નાની ઉમરમાં પૂર્ણ કર્યુ છે.

તેઓનુ જીવન ગીર વિસ્તારની ગિરિકંદરાઓથી ઘેરાયેલા ભોજદે જેવા નાનકડા ગામથી આરંભાયું છે. પ્રકૃતિના નિતાંત રમણીય સ્વરૂપ વચ્ચે એક નાનકડા ખોરડાના ફળિયે તેમણે શૈશવ વિતાવ્યું છે. બહુ જ વિકટ સંયોગોમાં અલ્પ સાધનોથી તેમણે પોતાનું ઘડતર કર્યુ છે. સૈરાષ્ટ્રના વિદ્યાર્થીઓ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ ઝળકતા ને ઝળહળતા રહે એ તેઓનું સ્વપ્ન અને વિઝન છે. એ વિઝન પ્રમાણે જ તેમણે નવા નિત્યમ્ વિદ્યાસંકુલની સ્થાપના કરી છે.

## ભગતસિંહ યુવા સમિતિની ઉચ્ચ ઉમદા કામગીરી

# બાબરાનાં અવાવરૂ કૂવામાં પડી ગયેલ વાછરડાને બચાવી લેવાયુ

### વાછરડાને સહી સલામત બહાર કાઢી લેવાયુ



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા



બાબરા, તા. ૧૯

બાબરામાં ધુડિયા પ્લોટ વિસ્તારમાં આવેલ કોઈ અવાવરું ખાલી કૂવામાં અકસ્માતે વાછરડું પડી જતા ભગતસિંહ યુવા સમિતિના સભ્યો ધ્વારા તાત્કાલિક અસરથી ઘટના સ્થળે દોડી ગયા હતા. અને વાછરડી ને કૂવામાં કાઢવા માટે કવાયત હાથ ધરી હતી. કલાકો ની જહેમત બાદ ગૌવંશ ને કૂવામાં થી હેમખેમ બહાર કાઢી લેવામાં આવી હતી. જો કે વાછરડી ને કોઈ ઈજા થઈ નહિ હોવાનું જણાવા મળ્યું હતું.

## બગસરા યાર્ડનાં ચેરમેન કાંતિભાઈ સતાસિયાની રજુઆત


# ધારીનાં હુડલી ગામનો બિસ્માર માર્ગ યુધ્ધનાં ધોરણે બનાવવા માંગ

### મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને પત્ર પાઠવ્યો

બગસરા, તા. ૧૯

બગસરા માર્કેટયાર્ડનાં ચેરમેન કાંતિલાલ સતાસિયાએ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, ધારી તાલુકાનો હુડલી રોડ અતી ખરાબ પરિસ્થિતિમાં છે ધારી સ્ટેટ હાઈવેથી ખાંભા સ્ટેટ હાઈવે જોડતો આ રોડ ૫/૫ મીટર પહોળો કરવા સરકાર દ્વારા મંજુર કરેલ છે અમે જેનો આજે ખુબ જ લાંબો સમય થઈ ગયો છે. છતા હજુ આ રોડનું કામ થયેલ નથી કે કેમ ચાલુ થતુ નથી આ બાબત તો સરકાર અને અધિકારી જાણતા હોઈ આ રોડ અંદાજે ૧૦ વર્ષ થયા આ રોડ ઉપર કોઈ





કામગીરી થયેલ નથી ગત ૨૨ાની ચુંટણીમાં હુડલી ગામમાં કોઈ પદા અધિકારી કે સરકારી માણસોએ પ્રવેશ કરવો નહીં મતદાન માટે પણ આ ગામ લોકોએ બહીષ્કાર કરેલ હતો. ધારી મામલતદાર ચુંટણી પછી રોડનું કામ ચાલુ થશે તેવુ વચન આપીને હુડલી ગામની ચુંટણી મતદાન કરાવેલ પણ તે પછી આજદીન સુધી આ રોડનું કામ ચાલુ થયેલ નથી તો વહેલી તકે આ રોડનું કામ ચાલુ થાય તેવી અંતમાં માંગ કરેલ છે.

## અમરેલી ખાતે ફાયર સર્વિસ વીકની ઉજવણી અંતર્ગત વિવિધ કાર્યક્રમો યોજાયા

અમરેલી, તા. ૧૯

ફાયર સર્વિસ વીકની ઉજવણી સન ૧૯૪૪માં મુંબઈ ડોકિયાડ ખાતે ફાયરમાં શહીદ થયેલા જવાનોના માનમાં મનાવવામાં આવે છે. સાથોસાથ ગત ચાર દિવસ પૂર્વે ગાંધીનગર ખાતે સિલિન્ડર બ્લાસ્ટમાં પણ એક ફાયરના જવાન શહીદી થયા છે. ત્યારે તેઓને પણ શ્રદ્ધાંજલિ પુષ્પ અર્પણ કરીએ. તેઓની સહાદત થકી વધુને વધુ ફાયર અને સેફટી બાબતે અવેરનેસ ફેલાઈ તેવા પ્રયત્નો થાય તે માટે સરકાર દ્વારા આ સપ્તાહને ફાયર સર્વિસ વીક જાહેર કરવામાં આવેલું છે.

આ કાર્યક્રમ અંતર્ગત ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસ અમરેલી ખાતે વિવિધ આયોજનો કરવામાં આવે છે. જેમાં તારીખ ૨૦/૦૪/૨૦૨૫ ના રોજ સવારના ૯ કલાકે હીરકબાગ ફાયર સ્ટેશન ખાતેથી ફાયર ટેન્ડર માર્ચ નીકળી અને શહીદ સ્મારક જુના બસ સ્ટેશન જશે. તેમજ સાંજના ૫ વાગ્યે ફોરવર્ડ સર્કલ પાસેના સિનિયર સિટીઝન પાર્ક ખાતે શહીદોને વંદન એક્ઝિબિશનનું આયોજન કરવામાં આવેલ છે.

# દામનગર ખાતે સેવા ગૃપ દ્વારા પક્ષીઓને ચણનું વિતરણ



દામનગર શહેરમાં સેવા ગ્રુપ આયોજિત પક્ષી ચણ પાત્ર વિતરણ એવમ સ્વર્ગીય ડાયાભાઈ નારોલા પરિવાર ના સૈજન્ય થી પોષણ અભિયાન કાર્યક્રમ યોજાયો શહેર ના શક્તિપીઠ ગાયત્રી મંદિર ખાતે સેવા ગ્રુપ દ્વારા સમગ્ર દામનગર વિસ્તાર માં પક્ષી ઓ માટે ચણ પાત્ર પીવા ના પાણી ના પરબ નું બેનમૂન સંચાલન કરતી યુવાનો ની ટીમ દ્વારા યોજાયેલ કાર્યક્રમમાં પૂર્વ નગરપતિ સ્વર્ગીય ડાયાભાઈ નારોલા પરિવાર ના પેત્ર રત્ન પ્રીતેશભાઈ તુલસીભાઈ નારોલાના આર્થિક સહયોગ થી કુપોષણ નાબુદી અભિયાન માં વડીલો ના વરદહસ્તે બાળકો માટે પ્રોટીફેશ અને મહીલાઓ માટે પ્રોટીફેશ મોમ્સ ના પેકેટ નું વિતરણ કરાયું હતું શહેરભર માંથી ખૂબ મોટી સંખ્યામાં મુરબ્બી વડીલો અને યુવા અગ્રણી શ્રી ઓ ભગવનભાઈ નારોલા વજુભાઈ રૂપાધડા બાબુભાઈ મકવાણા હરજીભાઈ નારોલા પવન જેમ્સ પ્રેમજીભાઈ નારોલા મહેશભાઈ પંડયા પુનભાઈ દીક્ષિત વાલજીભાઈ નારોલા અનિભાઈ ખખ્ખર રમેશભાઈ જોશી અમરશભાઈ નારોલા રવજીભાઈ નારોલા બી એલ ચાવડા નિકુલભાઈ રાવલ દેવચંદભાઈ આલગિયા લાભુભાઈ નારોલા જયતિભાઈ નારોલા ચસીનભાઈ બોખા ધ્રુવભાઈ ભટ્ટ કાસમભાઈ અમિષા મિલ કોશિકભાઈ બોરીચા સતિષભાઈ ગોસ્વામી રઘુભાઈ જોગરાણા દિનેશભાઈ વાજા ઋષિભાઈ ત્રિવેદી જયદીપભાઈ સોની નરેશભાઈ મકવાણા અરવિંદભાઈ બોખા ધીરભાઈ રાજપૂત અનિભાઈ જોશી ભરતભાઈ ભટ્ટ રમેશભાઈ ચેહાણ ચિરાગભાઈ સોલંકી મનસુખભાઈ નારોલા નંદી સેવા ટ્રસ્ટ હિમતભાઈ આલગિયા સહિત અસંખ્ય સેવા ગ્રુપના યુવાનો સ્વંયમ સેવી કાર્યકરો આંગણવાડી વર્કર હેલ્પર આશા વર્કર બહેનો અને લાભાર્થી બહેનો બાળ કો સગર્ભા માતા ની વિશાળ ઉપસ્થિતિ માં પક્ષી ચણ પાત્ર એવમ મહિલા અને બાળકો માટે પ્રોટીફેશ વિતરણ કરાયું હતું. પરમાર્થ પ્રવૃત્તિની સરાહનીય સેવા બદલ સ્થાનિક અગ્રણી ઓ દ્વારા યુવાની ની સદ પ્રવૃત્તિ ની સરાહના કરાય હતી સેવા ગ્રુપ દ્વારા દામનગર સમગ્ર શહેર માં ચોરા ચાવડી જાહેર સ્થળો એ પીવા ના પાણી ના પરબ પક્ષી ઓ માટે ચણ પાત્ર અને કુપોષિત બાળકો અને સગર્ભા માતા ઓની દરકાર અંગે સુંદર કાર્યક્રમ માં સ્વર્ગીય ડાયાભાઈ કેશવભાઈ નારોલા પરિવારનું સૌજન્ય પ્રાપ્ત થયું હતું.

## ફિલ્મી સફર (એક ઈતિહાસ)

હિતેશ જોશી : ૯૪૨૭૨ ૩૦૫૦૬

**પ્રકરણ...૨૩૧ -૧૯૬૩**

**પ્રિય વાચક મિત્રો,**

૧૯૧૩ની સાલમાં દાદા સાહેબ ફાળકેએ ભારતીય સિનેમાની પ્રથમ ફિલ્મ રાજા હરિશ્ચંદ્ર બનાવી, આપણે ફિલ્મી સફરમાં પણ ૧૯૧૩ની સાલની ફિલ્મો, અને તે સમયની મૂક ફિલ્મો, કલાકાર, વિષે વાત કરી ચૂકયા છીએ, ત્યારબાદ પ્રથમ સંવાદ સાથેની ફિલ્મ ૧૯૩૧માં આલમ આરા આવી, ૧૯૧૩ અને ૧૯૩૦માં જન્મેલ કોઈ વાચક મિત્ર અત્યારે કદાચના હોય શકે તેવું મારૂ માનવું છે, ૧૯૩૫ બાદ હિન્દી સિનેમામાં અશોક કુમાર, અને દેવિકા રાનીએ હિન્દી સિનેમા અને તેના નાયક અને નાયિકાને અલગ સ્વરૂપ આપ્યું, તે સમયના નિર્માતા, નિર્દેશકો, સંગીત કાર, ગીતકાર, અને ગાયકોની વાત આપણે કરી ચૂકયા છીએ, ૧૯૫૦ ના દસકમાં દેવ, દિલિપ, અને રાજની ત્રિપુટી અને નરગિસ, મીના કુમારી, મધુબાલા જેવી અભિનેત્રીઓ સાથે કેટલાય કલાકારોની ફિલ્મોની વાત આપણે કરી. ૧૯૫૦ના સમયના જન્મેલ વાચકો પૈકી ઘણાના મને ફોન પણ આવી ગયા છે, કુકાવાવના વડીલ દવેજીને નિરૂપા રોયનો અંક વધુ ગમ્યો હતો, હવે હાલ જેમની વય આશરે ૭૫ થી ૬૫ વર્ષની અને ૫૦ની ઉપરના વાચક મિત્રોની ફિલ્મોનો યુગ શરૂ થશે, જેમાં તેમની જૂની યાદો, જૂના થિયેટરો, ટિકિટના કાળા બઝાર, એક કે બે રૂપિયાની ટિકિટ લેવા માટે પૈસાની અસગવડતા, અને મોટા શહેરોમાં ૨૫ વીક એટ્લે કે છ મહિના સુધી ચાલતી એક જ ફિલ્મ વગેરે યાદ



આવશે. અમરેલીમાં ત્રણ ટોકીઝમાં સફળ ફિલ્મો ત્રણ કે ચાર વીક, અને સુપર હિટ ફિલ્મો છ કે આઠ વીક ચાલતી હતી. આવી જૂની યાદો સાથે, હિન્દી સિનેમાના યાદગાર કલાકારો, ગીત સંગીત સાથેની ફિલ્મી સફરની વાત હવે કરીશું. ૧૯૬૪માં નવા કલાકારોમાં જિતેન્દ્ર, સંજય ખાન, આવ્યા, તો ઘણા સમયથી હિન્દી સિનેમામાં દેખાતા પ્રેમ ચોપરાને તેની ઓળખ ઊભી કરતી ફિલ્મ મળી, સુધીર પણ આ વર્ષે હિન્દી સિનેમામાં આવ્યા, તો અભિનેત્રીઓમાં શર્મિલા ટાગોર, પ્રિયા રાજવંશ, આવ્યા, તો હિન્દી સિનેમામાં અત્યાર સુધી નાની ભૂમિકા આ કરતાં મુમતાઝ અને અરૂણા ઈરાનીને પણ ૧૯૬૪માં સારી ફિલ્મો મળી. આજે નવા કલાકારોનો ટૂંકમાં પરિચય કરીશું.

શર્મિલા ટાગોર – શર્મિલાનો જન્મ ૮/૧૨/૪૪ના કાનપુરમાં થયો, તેમના પિતાનું નામ ગોતીન્દ્રનાથ ટાગોર હતું, તેઓ બ્રિટિશ ઈન્ડિયામાં કોર્પોરેશનમાં મહાપ્રબંધક હતા, તેમની માતાનું નામ ઈરા ટાગોર (બારૂ આ) હતું, તેમના પિતા રવિન્દ્રનાથ ટાગોરના વંશના હતા, પણ તેમની માતાના નાની રવિન્દ્રનાથ ટાગોરના ભાઈની પુત્રી હતા, એ સંબંધથી શર્મિલા રવિન્દ્રનાથ ટાગોરની નજીક નાસબંધી હતા, શર્મિલા ત્રણ બહેનોમાં સૌથી મોટા હતા, તેમનાથી નાની બહેન કુંડા છે, જેને હિન્દી સિનેમા ટંકુંએટ્લે કે કાબુલી વાલા ફિલ્મની નાની અભિનેત્રી રૂપે વધુ જાણે છે, તેમની બીજી બહેન રોમિલાના પતિ બ્રિટાનિયા કંપનીમાં ભાગીદાર હતા. શર્મિલા અભ્યાસમાં થોડા નબળા હતા, અને માત્ર ૧૪ વર્ષની વયે, સત્ય જીત રેના નાટક અપૂર સંસારમાં કામ કર્યું, ત્યારબાદ તેઓ બંગાળી ફિલ્મોના સક્રિય અભિનેત્રી રહ્યા, પણ હિન્દી સિનેમામાં ૧૯૬૪માં શમ્મી કપૂર સાથે શકિત સામંતની ફિલ્મ કાશ્મીર કી કલીથી આવ્યા, અને ત્યારબાદ તેઓ હમેશા સફળ રહ્યા, ૧૯૭૦ના દસકમાં રાજેશ ખન્ના, ધર્મેન્દ્ર જેવા નાયકો સાથે તેમણે જોડી જમાવી અને સફળતા પ્રાપ્ત કરી, તેઓએ ૧૯૬૬માં ફિલ્મફેર સામયિકમાં બિકિનીમાં ફોટો શુટ કરાવ્યુ, અને ૧૯૬૭ની ફિલ્મ એન ઈવનિંગ ઈન પેરિસમાં બિકિનીમાં દર્શકો સમક્ષ આવ્યા, તેઓ એક બોલ્ડ અભિનેત્રી રૂપે પ્રખ્યાત થયા, પણ આગળ જતાં તેમના અભિનય ક્ષમતા પર તેઓ સફળ થયા, ૧૯૬૮માં ભારતીય ક્રિકેટ ટિમના કપ્તાન મન્સૂર અલી ખાન પટોડી સાથે નિકાહ કર્યા, અને તેમણે ઈસ્લામ ધર્મ સ્વીકારી, તેમનું નામ બેગમ આયેશા સુલ્તાના કરી દીધું હતું, તેમ છતાં તેમની અભિનેત્રીની સફળ યાત્રામાં કોઈ અવરોધ આવ્યો ના હતો, તેમના પુત્ર સેફ અલી ખાન, સોહા ખાન બન્ને હિન્દી સિનેમા સાથે જોડાયેલા છે, અને બીજી પુત્રી સબા એક વ્યાવસાયિક સ્ત્રી છે. શર્મિલા ૧૯૬૪થી ૨૦૨૪ સુધી હિન્દી અને મરાઠી, બંગાળી સિનેમામાં કાર્યરત રહ્યા છે, તેઓ સેન્સર બોર્ડના અધ્યક્ષ પણ રહ્યા છે, તેમને ૨૦૧૩માં પદ્મ ભુષણ અને ઘણી ફિલ્મોમાં શ્રેષ્ઠ અભિનેત્રીના પુરસ્કાર મળ્યા છે, હાલ તેઓ ૮૦ વર્ષની વયે તેમના પરિવાર સાથે જીવન પસાર કરી રહ્યા છે. તેમની અન્ય વાતો તેમની ફિલ્મો સાથે કરતાં રહેશું.

મુમતાઝ – ૩૧/૭/૧૯૪૭ના રોજ મુંબઈમાં તેમનો જન્મ થયો, તેમના પિતાનું નામ અબ્દુલ સલિમ અસ્કરી અને માતાનું નામ શદી હબીબ હતું, તેમના જન્મ બાદ તેઓના માતા પિતા અલગ થયા હતા, મુમતાઝ ૧૯૫૮માં સોને કી ચિડિયામાં બાલ કલાકાર રૂપે ફિલ્મી પરદે પહલી વાર આવ્યા, ત્યારબાદ ૧૯૬૩ સુધી તેઓ સહાયક અભિનેત્રી રૂપે જોવા મળ્યા, પણ ૧૯૬૪થી દારા સિંગ સાથે તેમની જોડી જામી અને તેઓ મુખ્યો અભિનેત્રી બન્યા, પણ સફળ તા મળી ના હતી, ૧૯૬૯ની રાજ ખોસલાની ફિલ્મ દો રાસ્તેથી તેઓ રાજેશ ખન્ના સાથે જોડી જમાવી, અને હિન્દી સિનેમાની યાદગાર જોડી પૈકી એક સફળ જોડી રાજેશ-મુમતાઝની રહી. મુમતાઝે ૧૯૭૪માં સફળ વેપારી મયુર માધવાની સાથે લગ્ન કર્યા, તેમને બે પુત્રી પ્રાપ્ત થઈ છે, જે પૈકી એક પુત્રીના લગ્ન ફિરોઝ ખાનના પુત્ર ફરદીન ખાન સાથે થયા છે, તેમની અને શમ્મી કપૂરની પ્રણય કથા પણ હિન્દી સિનેમામાં પ્રચલિત હતી, જેની વાત આગળ કરીશું. તેમને ફિલ્મ ફેર એવોર્ડ પ્રાપ્ત થયો છે, તેઓ ૧૯૭૭ સુધી હિન્દી સિનેમામાં કાર્યરત રહ્યા હતા. તેમની વાતો તેમની ફિલ્મો સાથે કરતાં રહેશું.



અરૂણા ઈરાની – અરૂણા ઈરાનીનો જન્મ ૧૮/૮/૪૬માં મુંબઈમાં થયો, તે મુસ્લિમ પિતા અને હિન્દુ માતાનું સંતાન છે, તેના પિતા ફરીદૂન ઈરાની એક નાટક મંડળી ચલાવતા હતા, માતા સગુના એક અભિનેત્રી હતા, જે નાની ભૂમિકાઓમાં દેખાયા હતા, તેઓ આઠ ભાઈ બહેનોમાં સૌથી મોટા હતા, અને તેમનો અભ્યાસ ખૂબ જ ઓછો રહ્યો, ૧૯૬૧માં ગંગા જમુનામાં તેઓ બાલ કલાકારની ભૂમિકામાં જોવા મળ્યા, તેઓ નાની ભૂમિકા આ ૧૯૬૬ સુધી ફિલ્મોમાં કરતાં રહ્યા, પણ ૧૯૬૭ની ફર્ઝ ફિલ્મમાં તેમણે ખલ નાયિકાની ભૂમિકા મેળવી, જે નાની હતી, પણ ત્યરબાદ તેઓ ખલ નાયિકા અને ચરિત્ર અભિનેત્રી રૂપે બહાર આવ્યા, ગુજરાતી ફિલ્મોમાં તેમણે મુખ્ય અભિનેત્રીની ઘણી ભૂમિકાઓ ભજવી છે, જેમાં સંતુ રંગીલી પણ સામિલ છે. તેઓને બેટા ફિલ્મમાં સહાયક અભિનેત્રીનો પુરસ્કાર મળ્યો હતો, લાઈફ ટાઈમ અચિવ મેંટ એવાર્ડ પણ તેમણે મેળવ્યો છે. તેમણે કૂકું કોહલી જે નિર્દેશક છે તેમની સાથે લગ્ન કર્યા છે, ફિરોઝ ઈરાની, આદિ ઈરાની તેમના ભાઈઓ છે, બિંદુ તેમની કઝિન છે. ૭૮ વર્ષની વયે તેઓ પરિવાર સાથે જીવન પસાર કરી રહ્યા છે. તેમની જાણી-અજાણી વાતો આગળ કરતાં રહેશું.

પ્રિયા રાજવંશ – પ્રિયાનું નામ વેરા સુંદર સિંગ હતું, તેમનો જન્મ ૩૦/૧૨/૧૯૩૬ના રોજ સિમલામાં થયો, તેઓ સિમલામાં શિક્ષણ સાથે થિયેટરમાં શોખ માટે કામ કરતાં હતા, તેઓ સ્નાતક થયા બાદ રોયલ એકેડેમી આર્ટમાં સયુંકત રાષ્ટ્ર દ્વારા યુકેમાં સ્થાયી થયા. લંડનના ફોટો ગ્રાફર દ્વારા લીધેલ તેમની તસવીર ભારતીય નિર્માતા રણબીર સિંગને મળી તેમણે તેમનો પરિચય ચેતન આનંદ અને વિજય આનદ સાથે કરાવ્યો, અને ૧૯૬૪ની ફિલ્મ હકીકતથી તેઓ પહેલી હિન્દી સિનેમામાં દેખાયા. તેઓ ચેતન આનંદ સાથે વધુ નજીક આવી ગયા, અને પ્રેમનો સંબંધ બંધાયો. તે સંબંધ ચેતન આનંદના મૃત્યુ સુધી ચાલ્યો, ચેતનની પહેલી પત્નીના સંતાનોએ કેતન અને વિવેકે તેની હત્યા મિલકત માટે ૨૦૦૦ની સાલમાં કરી. જે કિસ્સો ચ્રચા સ્પદ રહ્યો. તેમની વાતો તેમની ફિલ્મો સાથે કરીશું.

સંજય ખાન-શાહ અબ્બાસ અલીખાન એટલે સંજય ખાન, જેનો જન્મ ૩/૧/૧૯૪૧ના રોજ બેંગલોરમાં થયો. તેમના પિતા અફઘાન અને માતા પારસી છે. પિતાનું નામ સાદીક ખાન અને માતાનું નામ ફાતિમા બેગમ હતું. ફિરોઝ ખાન તેમના મોટાભાઈ છે, અને નાનાભાઈ અકબર ખાન છે. તેઓ ફિરોઝ ખાનના સહયોગથી હિન્દી સિનેમામાં આવ્યા, ૧૯૬૪માં હકીકત અને દોસ્તી ફિલ્મ દ્વારા તેઓએ નામના મેળવી. આગળ જતાં તેઓ નિર્માતા, નિર્દેશક પણ બન્યા. ઝરીન ખાન અને જિન્નત અમાન સાથે તેમણે નિકાહ કર્યા હતા. તેમની એક પુત્રી સુજનએ રીતિવિક રોશનની પત્ની છે. જેઓ તાજેતરમાં અલગ થયા છે. તેમના પુત્ર જાએદ ખાન પણ અભિનેતા રહી ચૂકયા છે. તેઓ ૮૪ વયે પારિવારિક જીવન પસાર કરી રહ્યા છે.

સુધીર – ભગવાન દાસ મૂલચંદ લૂથારિયા એટ્લે સુધીર. તેનો જન્મ ૧૯૪૪માં લાહોરમાં થયો, ભાગલા બાદ તેઓ ભારતમાં સ્થાયી થયા. તેઓએ ૧૯૬૨ની ફિલ્મ પ્રેમ પત્ર માંનાની ભૂમિકા મળી, અને ૧૯૬૪ની હકીકતમાં તેમની ભૂમિકા દ્વારા તેઓ ચર્ચામાં આવ્યા, ત્યારબાદ તેઓ ખલનાયક રૂપે ઘણી ફિલ્મોમાં કામ કર્યું છે. સુપર સ્ટાર અમિતાભ સુધીરને તેમની ફિલ્મોમાં અચૂક લેતા હતા, તેઓ સુધીરને તેમની ફિલ્મો માટે લકી પર્સન માનતા હતા. ૧૨/૫/૨૦૧૪માં તેઓ અમર થયા. આગામી અંકમાં જિતેન્દ્રનો પરિચય અને તેની સફળ પ્રથમ ફિલ્મ સાથે મળીશું. આભાર


# *ઋતુ મુજબના ફળો ખાવ અને હેલ્ધી રહો*

થોડા દિવસ પહેલા હું એક સ્પોર્ટ્સ ટુર્નામેન્ટમાં વડોદરા ગયો હતો, મારો લંગોટીયો અમરેલીનો મિત્ર ત્યાં સ્થાયી થયેલો છે તેને મળવા ગયો, મિત્ર વડોદરામાં ખુબ વેલસેટ છે, અમે બંને બજારમાં ફરતા હતા મિત્ર એ તેના પત્નિને ફોન કરી પુછયુ કાંઈ બજારમાંથી લાવવું છે ? એટલે ભાભી એ કહ્યુ હા કેલીફોર્નીયા એપલ, કીવી, ડ્રેગન ફ્રુટ લેતા આવજો, અમે ફ્રુટ માર્કેટમાં ગયા તો સક્કરટેટી અને તરબુચ ખુબ સરસ અને સસ્તા (૩૦ના કિલો) હતા, અને ભાભીએ મંગાવેલ ફ્રુટ લગભગ ૪૦૦ના કિ.ગ્રા. હતા, મે મિત્રને કહ્યુ કે આ સીઝન (ગરમી)માં તરબુચ અને સક્કરટેટી ખાવા જોઈએ, તુ આવા વિદેશી-મોઘા અને આ ઋતુમાં ઉપયોગી ન હોય તેવા ફ્રુટ શુ કામ લે છો ? મને કહે અમે તો આવા ઈમ્પોર્ટ(વિદેશથી આવેલા) કરેલા જ ફ્રુટ લઈએ છીએ, આ બધા લોકલ ફ્રુટસ તો દવાવાળા અને ઈન્જેક્શન મારેલા હોય ! મે કહ્યુ કે ૩૦ રૂપિયે કિલો વહેચાતાં ફ્રુટ ને જો ઈન્જેક્શન મારે તો વહેચવાવાળા ને પાછળ શું નફો વધે ? સોશીયલ મીડીયા માં હમણા એક મેસેજ ફરે છે કે ફ્રુટ્સ(તરબુચમાં)માં એઈડ્સ સંક્રમિત ઈન્જેક્શન મારેલા હોય છે એટલે આવા ફ્રુટ્સનો ખાવા, આવા મેસેજને આપણે પણ જાણે-અજાણે ફોરવર્ડ કરી દેતા હોઈએ છીએ અને સોશીયલ મીડીયાની કાલ્પનીક દુનીયાને જ સાચું માનવાવાળા પાછો તરત જ આનો અમલ અને પ્રચાર પણ શરૂ કરી દેતા હોય છે, મિત્રો એઈડ્સના વાયરસને જીવતા ખાઈ જઈએ તો પણ આપણને એઈડ્સનો થાયએ આપણે સમજવું જોઈએ થોડા વર્ષો પહેલા સિવીલ હોસ્પીટલમાં ટ્રેઈની લેબોરેટરી ટેક્નીશ્યન ઈ.એસ.આર.નો રીપોર્ટ કરવા એની પાતળી કાચની ટયુબ આવે (હવે આ રીપોર્ટ આ રીતે નથી થતો) જેમાં દર્દીનું બ્લડ આ પાતળી નળીથી મોઢા વડે ચુંસી અને રીપોર્ટ માટે તેના સ્ટેન્ડમાં મુકવાનું હોય તેમાં ભુલથી એઈડસ સંક્રમીત દર્દીનું લોહી મોઢામાં જતુ રહ્યુ અને ગળી ગયો તો પણ તે ટ્રેઈની લેબોરેટરી ટેકનીશ્યન એઈડસથી સંક્રમિત નહોતા થયા. માટે પુરી જાણકારી વગર જો આવા મેસેજ આવે તો તેને બ્લોક કરવા જોઈએ.

ઘર કી મુરગી દાલ બરાબરની જેમ આપણને આપણી કોઈપણ બાબતની કિંમત નથી, આ જ વસ્તુ જો વિદેશી વાપરશે તો આપણે હોંશે-હોંશે ખાસુ.

આપણે ખુબ સહેલાઈથી અંજાઈ જવાવાળી પ્રજા છીએ, વિદેશી ફ્રુટને નેટ (સોશીયલ મીડીયા) ઉપર સર્ચ કરી તેની ન્યુટ્રીશન વેલ્યુ કેટલી છે ? તેવી બધી સાવ જ ખોટી માહીતી ભેગી કરી અને વિદેશી ફ્રુટ્સ ખાઈએ છીએ પણ ઋતુ મુજબના ઉપયોગી-સાવ સસ્તા અને આપણને બધી રીતે સાત્મ્ય ફળ-ફળાદી આપણે નથી ખાતા, આપણા પ્રદેશમાં ઉગતા ફળ-ફળાદી ખાવાથી આપણને તો ફાયદો થશે જ, સાથે આપણા ખેડુતોને ફાયદો થશે, આપણું હુંડીયામાણ આપણી પાસે જ સચવાશે.

ઋતુ મુજબના ફળો ખાવાથી આપણને ભરપુર પોષણ અને તે ઋતુ સામે રક્ષણ આપશે, આ તરબુચ અને સક્કરટેટી સસ્તા મળતા હોવાથી આપણને તેની કિંમત નથી, પણ આ ઋતુમાં ખુબ ઉપયોગી છે, હું મારૂ ઉદાહરણ જ આપુ તો પહેલા હું તરબુચ કે સક્કરટેટી ખાતો તો મને પીત થાતુ હોય તેવું લાગતુ, પણ આ વખતે અમે સાંજે જમવામા ફકત ખીચડી કે થુલી જ (હળવો ખોરાક) ખાઈએ છીએ અને રાત્રે તરબુચ કે સક્ક્રટેટી ખાઈએ છીએ




તો ખુબ જ સારૂ રહે છે, પેટ પણ સાવ હળવું રહે છે.

ચૈત્ર વદ અગિયારસને વરૂથિની: એકાદશી કહેવાય છે, આ એકાદશીના પૌરાણિક કથાનકમાં કોઈ એક રાજા નદી કિનારે. તપસ્યામાં કરતા હોય છે ત્યારે રીંછ એના પગને ખાવા લાગે છે. રાજા તપસ્યામાં હોવાથી અસમંજસમાં હોય છે હિંસા કરવી નહી એમ વિચારે છે રીંછ એને જંગલમાં ખેંચી જવા લાગે છે ત્યારે એ રાજા સહાય માટે શ્રી હરિને સ્મરે છે અને પછી રાજા તો બચી જાય છે પણ પગને ખોઈ બેસવાથી દુ:ખી થયેલ હોય છે, ભગવાનના આદેશથી મથુરામાં જઈને પ્રભુની શ્રી વરાહ અવતારની પૂજન ઉપાસના કરવાથી પુનઃ સ્વસ્થ પગ પ્રાપ્ત કરે છે.

વરૂથિનો અર્થ સૈના – એ.આર.એમ.વાય. થાય છે. આ એકાદશીની પૌરાણિક કથા એક રૂપક છે. જેના પાછળનો ઉદેશ્ય મનુષ્યને વન મેન આર્મી બનાવવાનો છે. વરાહ એ એક શાકાહારી પ્રાણી છે પણ જયારે એ સંકટમાં આવે ત્યારે બચાવ માટે હિંસક પણ બની જાય છે, શ્રી હરિએ પૃથ્વીને વરાહ અવતારથી ઊગારી હતી.

આ એકાદશી પર ભગવાન વિષ્ણુના પંદરમાં વામન અવતારનું પૂજન અર્ચન કરવાની પરંપરા રહેલ છે. વરૂથિની એકાદશીમાં સક્કરટેટીનું માહાત્મ્ય દર્શાવેલ છે, સક્કરટેટીએ આ એકાદશીના ઋતુકાળનું પ્રાકૃતિક ફળ છે.

એક માત્ર સક્કરટેટી શરીરમાં થતાં ગ્રીષ્મના વિકારો સામે સૈન્યની માફક લડે છે એટલે કે સક્કરટેટીએ વિકારો સામે વન મેન આર્મીની જેમ સાબિત થાય છે.

સક્કરટેટીને અંગ્રેજીમાં મસ્કમેલન અને હિન્દીમાં ખરબૂજા કહેવાય છે. આનું મૂળ વતન ઈરાન તથા ઉત્તરપૂર્વી ભારત તેમજ અફઘાનિસ્તાન બતાવવામાં આવેલ છે. વૈજ્ઞાનીક નામ Cucumis-Melo છે. આની ઘણી પ્રજાતીઓ જોવાં મળે છે. આપણે ત્યાં ચારેક જેટલી પ્રજાતી જોવાં મળે છે જે આ સાથેની ઈમેજીસમાં દર્શાવેલ છે.

મોટાભાગે સુંવાળી ત્વચા અને જાળીદાર ત્વચા એમ બે મોટા પ્રકારોમાં સક્કરટેટીનું વર્ગીકરણ કરાય છે. એમાં પણ કદ, રંગ, સ્વાદ, સુગંધ પ્રમાણે અન્ય ઘણાં પેટા પ્રકાર પાડવામાં આવે છે.

લીલી ફળમજ્જા ધરાવતી સ્વાદમાં મીઠી જાતને honeydew કહે છે, જેને લોકબોલીમાં નિલમ સકકરટેટી કહે છે.

જાળીદાર ત્વચા ધરાવતી cantaloup પ્રજાતીની એક હાઈબ્રીડ જાત Galia melon તરીકે ઓળખાય છે.

સક્કર તથા ટેટી શબ્દ મળીને સક્કરટેટી બને છે.

સંસ્કૃત શબ્દ શર્કરા પરથી અપભ્રંશ થઈને સક્કર કે સાકર શબ્દ આવ્યો છે એટલે કે, જે આકારમાં કાંકરા કે દાણાં જેવું પણ સ્વાદમાં મધુર હોય એને શર્કરા કહે છે.

ટેટી શબ્દ મૂળ ગુજરાતી છે જેનો અર્થ ઉપસેલુ, માંસલ અને ગોળ એવો થાય છે.

સકકરટેટીનું પોષણ મુલ્ય જોઈએ તો પ્રતિ૧૦૦ ગ્રામમાં ૩૪ કેલરી આપે છે તથા મનુષ્યની દૈનિક જરૂરીયાત ૬૮% વિટામીન એ તથા દૈનિક જરૂરીયાતના ૬૧% વિટામીન સી મળી રહે છે.

રાજનિઘંટુમાં લખે છે
વાલુકીમધુરાશીતા:આધ્માનહતવા શ્રમાપહા।
પિત્તપ્રશમની રૂચ્યા કુરૂતે કાસપીનસૌ ॥

નદીની રેતને સંસ્કૃતમાં વાલુકા : કહે છે અને સક્કરટેટીની ખેતપેદાશ નદીની આવી રેતીમાં વધુ થાય છે જેથી એને વાલુકી નામ આપ્યું છે.

મધુર સ્વાદ વાળી તથા તાસીર એની ઠંડી છે, વળી રૂચીકર છે એટલે જો વધુ ખવાય તો ખાંસી-શરદી થાય છે.

પિત્તનું પ્રશમન કરનાર છે સાથે સાથે આ ઉનાળાના તાપને લઈને જે આધ્યાન – આફરો થાય છે એમાં પણ ઉપયોગી છે અને થાકને દુર કરે છે.

ભાવપ્રકાશમાં લખે છે
ખર્બૂજમ મૂત્રલં બલ્ય કોષ્ઠશુદિકર સ્નિગ્ધ
સ્વાદતુરં પીતં વૃષ્મ પિત્ત અનિલ અપહમ।

ભાવપ્રકાશ સક્કરટેટીને ખરબૂચ કહ્યું છે.

cantaloup પ્રજાતીની સક્કરટેટી પર જાળી જેવી રચના હોય છે; જે સ્પર્શમાં ખડબચડી ખર લાગે છે આથી ખરબુચ નામ આપ્યું હશે.

ભાવપ્રકાશ ગ્રંથમાં સક્કરટેટીને મૂત્રલ સાથે કોષ્ઠશુદ્ધિકર બતાવેલ છે સાથે સાથે આ ગ્રીષ્મમાં એનું સેવન, બલ્ય અને વૃષ્ય કહ્યું છે. પણ જો વધુ ખાવામાં આવે તો તે પચ્યા પછી થોડીક અમ્લ-પાકીહોવાથી રકતપિત્ત અને મૂત્રકૃચ્છ કરનાર છે.

ગ્રિષ્મની ગરમીથી પરસેવો વધુ થાય છે; જે ત્વચાની પૂરતી સાફ સફાઈના અભાવે ખરજવા Eczema થવામાં સહાયક બને છે. જેમાં દર્દીને એક આખી સક્કરટેટી ખાવાની ભલામણ સર્જન મેજર શીર્કોરે કરે છે અને જુના ખરજવાંના દર્દીઓને ઉનાળામાં આ વિકાર સામે ઘણી રાહત રહેતી એવો એમનો જાત અનુભવ છે.

તો મિત્રો,

આ વરૂથિની એકાદશીથી પંદર દિવસ સુધી નિત્ય વન મેન આર્મી જેવી સકકરટેટીને પ્રભુનો પ્રસાદ માનીને આરોગીશું.

કેમ કે ગ્રિષ્મના તાપથી ભોજન કરવામાં થતી અરૂચી તેમજ લાગતો થાક દૂર કરવામાં સ્વાદિષ્ટ સકકરટેટી ઉપયોગી છે.

ગ્રીષ્મમાં વધુ પડતી ગરમીના કારણે પેશાબનું રોકાઈ જવું બળતરા સાથે થોડું થોડું ઉતરવું ઉષ્ણવાત જેને લોકબોલી ઉનવા કહે છે તથા ગરીષ્ટ ભોજન કે વધુ પાણી પીવાથી પેટનું ફુલાઈ જવું જેને આધ્માન- આફરો કહે છે આવા વિકારને પણ સકકરટેટી દૂર કરે છે.

ગ્રિષ્મમાં સ્વાભાવિક વિકાર પામતા પિત્ત અને વાયુના દોષો સામે આ ફળ રક્ષણ કરે છે અને ગડ-ગુમંડ ખરજવામાં પણ ફાયદો કરે છે.

# ઊઘાડો અંતરનાં દ્વાર

## સુખી અને સાર્થક જીવનનું રહસ્ય




ડો. ધીરજકુમાર વ્યાસ
મો. ૯૪૨૭૨ ૪૪૨૫૧ (એડવોકેટ)
બગસરા


હમણાં આકાશવાણી રાજકોટ કેન્દ્રમાં મારી મુલાકાત લીધી. મને પ્રશ્ન પૂછયો તમારો સંદેશ વડીલોને શું છે ? ઘડીક હું આ પ્રશ્નથી ખચકાયો. વડીલોને મારો સંદેશ ? મને થયું કે આ મારે હું અધિકૃત છું ? પરંતુ જવાબ તો આપી દીધો. પછી તો બહાર નીકળી અંતરયાત્રા શરૂ થઈ. વડીલો એટલે વરિષ્ઠ મુરબ્બીઓ, સમાજ અને સંસાર યાત્રાની તાવણીમાં બરાબર શેકાયા હોય. તેઓને શું કહેવું ? આજે સંસાર સમાજ કુટુંબમાં પ્રશ્નો અપરંપાર છે.

વડીલોને જુની પેઢીનું વળગણ હોય છે. પરંતુ ઘરનું વ્યવહારનું સંચાલન ધીમે ધીમે પોતાના હાથમાંથી સરકવા લાગે છે. સ્વજનો દૂર થતા હોય તેવું લાગે છે.

ઉતરાવસ્થામાં કડવા પ્રસંગો મનમાં ઘૂંટાતા રહે છે. પતિ-પત્ની આવી ક્ષણોને વારંવાર વાગોળે છે. એક બીજાને પુછે છે ? કેટલા વાગ્યા ? દીવાલ ઉપર ઘડીયાળના કાંટા સરકતા જાય છે. સાચો જવાબ દેવાને બદલે બહુ વાગ્યા છે એમ કહે છે.

શેરીમાં એવા ઘણા કુટુંબો જોયા છે. જયાં મા-બાપોને દરેક દીકરાનો ઘરે જમવાનો વારો હોય છે. દીકરો બહારગામ ગયો હોય તો ટીફીનમાં જમવાનું આવતું હોય છે. અનેક કારણોસર આપણી પારાવારીક સમાજ વ્યવસ્થાનાં પરિવર્તન આવી રહ્યું છે. આપણી માન્યતા પ્રમાણે પૌત્રો કે પૌત્રીઓને તૈયાર કરી શકીએ એવું બનવાનું નથી. બાળકો મોબાઈલ ટી.વી. વગેરેથી દોરવાઈને નવી વ્યવસ્થા તરફ લગાવ રાખી રહ્યાં છે. બાળકોનાં માતા-પિતા પણ હવે નવી વ્યવસ્થામાં માનતા થઈ ગયા છે. વર્તમાન સમય સમજવા જેવો છે. પરંતુ વરિષ્ઠ સ્વજનોની લાગણી દુભાય તેવું ન થાય તેનું ધ્યાન રાખવામાં આવે. માણસ તરીકે આપણને ખ્યાલ રહેવો જોઈએ કે આપણો વારો પણ આવવાનો છે. પીપળ પાન ખરતા હસતી કુંપળીયા. આમ વીતી તમ વીતશે. ધીરી બાપુડીયા. તેમ છતાં આ બધુ ભૂલાય જાય છે. દરેકે પોતાની જાતને પ્રશ્ન પૂછવો જોઈએ કે મેં મારા સંપર્કમાં આવનારા દરેક સાથ કેવો વ્યવહાર વર્તન કર્યુ છે ? જીવનમાં વારંવાર આ રીત આત્મનિરીક્ષણ કરવું જોઈએ. હું તેમની જગ્યાએ હો હું તો ? સુખપૂર્વક શાંતિથી જીવન પસાર કરવા, કુટુંબ સમાજ દેશને સમય પ્રમાણે વર્તવું. કુટુંબમાં બધે જવું. સારો વ્યવહાર કરવો. મીઠા શબ્દોનો ઉપયોગ કરવો. સૌને અનુકુળ થઈને રહેવું. કોઈ આગ્રહ રાખવો નહિ. પ્રત્યેક ક્ષણ છે. તે ફરીથી આવવાની નથી. સમય સડસડાટ ચાલ્યો જાય છે. જીવનનાં સમયનો હિસાબ રાખો. પ્રેમપૂર્ણ સંબંધોને જમા પાસું ગણો આ સંદેશને એક દષ્ટાંત દ્વારા સમજીએ. એમ માછીમાર એક દિવસ ખૂબ વહેલી સવારે જાગીને સમુદ્રતટે ગયો. માછલીઓ પકડવા જાળ નાખી ખૂબ વજનદાર જાળ થતાં ખેંચી. એક કોથળો હતો. બહાર કાઢીને જોયું. વજન ખુબ હતું. હાથથી કંકોસી જોયું એક પણ માછલી ન હતી. પથ્થરો હતા. લીસા અને ચળકતા હાથના સ્પર્શથી લાગ્યું કે તેડીને હોડીને સમતોલ કરવા પથ્થરોનો કોથળો રાખ્યો હશે તે ફેંકી દીધો હતો અને કાંઠે મોજમાં આવી ગયો. સવારની હજીવાર હતી સમુદ્રકાંઠે બેસીને પથ્થરના ઘા કરવાની રમત રમવા લાગ્યો. એક પછી એક જુદી જુદી દીશામાં પથ્થર ફેંકે અવાજ આવે છે કે નહિ તે સાંભળે. કોથળો હવે ખાલી થવા આવ્યો હતો. એક પથ્થર હાથ લાગ્યો તેની સામે જોયું તો પથ્થર લીસો હતો. ચળકતો પણ હતો. પથ્થરથી આસપાસ ચારેબાજુ જોયુ ઘડીક થંભી ગયો એક સંત દરિયાકિનારે સવારે ચાલવા નીકળેલા તે તેમની પાસેથી પસાર થયા માછીમારે પૂછયું કે આ પથ્થર શેનો છે ? સંતે પથ્થર હાથમાં લઈ આમતેમ ફેરવી જોયું અને માછીમારની સામે જોઈ કહ્યું ભાઈ તું ખૂબ ભાગ્યશાળી છો. આ પથ્થર ખૂબ કીંમતી હિરાનો છે. તારી પેઢી તરી જાય એટલું મૂલ્ય આ પથ્થરનું છે. માછીમાર આ સાંભળી જોરજોરથી રડવા લાગ્યો. માથુ કુટવા લાગ્યો. સંતે કહ્યું : ભાઈ આવો મહામૂલ્ય હિરો તારા હાથમાં છે ને તું રડે છે કેમ ? માછીમારે રડતા રડતા કહ્યું: આ એક પથ્થર નહીં આવા પથ્થરોનો સેંકડો પથ્થરો કોથળામાં હતા. પણ મે મૂર્ખાઈ એક પછી એક દૂર દૂર દરિયામાં ફેંકી દીધા છે. આ એકજ પથ્થર હવે બાકી રહ્યો છે. અને ફરી રડવા લાગ્યો. સંતે કહ્યું : ભાઈ હજી આ એકજ પથ્થરને તું મૂલ્યવાન ગણીને વેચીશ તો તું ખૂબ સુખી ધનવાન થઈ શકે છે. ફેકી દીધાનું દુ:ખથી રડવાથી શું ? સંતે કહ્યું: ઈશ્વરે આપણને મહામૂલ્યવાન પારસ મણી જેવો દેહ આપ્યો છે. જો આપણે પેલા માછીમારની જેમ દીવસો, વરસોમાં કશુંક સદ્કાર્ય નહિ કરીએ તો મૃત્યુ વખતે રડાવાનો વારો આવશે. આપણે સૌ સમયને સમજયા વગર બેહોશીમાં જીવન પસાર કરી રહ્યા છીએ. આપણું સરાસરી આયુષ્ય કેટલું ? જો સૌ વરસ ગણીએ તો ? આપણી પાસે જીવન જીવવાના કેટલા વરસ કેટલા મહિના છે ? કેટલા દિવસો છે. સારૂ ખાઓ કસરત કરો ઉપયોગી બનો સૌને પ્રિય થાય એવું વાણી – વર્તન બનાવો ઘડીયાળનાં કાંટા સૌને વાગી રહ્યાં છે. છતાં ખુશી રહી. ખુશી વહેંચો જીવો ભરપુર આનંદથી મૈત્રી ભાવનું પવિત્ર ઝરણું વહાવો સૌને શુભ ઈચ્છો (અપૂર્ણ).

# દામનગર–શાખપુર માર્ગ ઉપર ૮ કરોડનાં ખર્ચે નાળા–પૂલિયા બનાવવાનો પ્રારંભ






લાઠી, બાબરા અને દામનગર વિસ્તારના વિકાસ માટે સતત પ્રયત્નશીલ રહેતા ધારાસભ્ય જનક તળાવિયાના અથાગ પ્રયાસોને પરિણામે લાઠી–શાખપુર રોડના રિસર્ફેસિંગ તેમજ રોડ પર આવેલા નાળા અને પુલિયાને આર.સી.સી. બનાવવાની કામગીરીનો શુભારંભ થયો છે. આ મહત્વપૂર્ણ પ્રોજેકટ માટે રાજય સરકારે ૮ કરોડનો ખર્ચ મંજૂર કર્યો છે, જેના પગલે સમગ્ર વિસ્તારમાં ખુશીની લહેર જોવા મળી રહી છે. ગઈકાલે દામનગર ખાતે આ પ્રોજેકટનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મોટી સંખ્યામાં સ્થાનિક આગેવાનો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. સૌએ ધારાસભ્યના આ પ્રયાસોને બિરદાવ્યા હતા અને રોડની કાયાપલટ થવાથી આવનારા સમયમાં થનારા ફાયદાઓ અંગે પોતાનો આનંદ વ્યકત કર્યો હતો. ધારાસભ્યએ આ પ્રસંગે જણાવ્યું હતું કે, "લાઠી, બાબરા અને દામનગર પંથકના રસ્તાઓની ગુણવત્તા સુધારવી એ અમારી પ્રાથમિકતા છે. દામનગરથી શાખપુર રોડ ઘણા સમયથી ખરાબ હાલતમાં હતો, જેના કારણે લોકોને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો. આથી, અમે રાજય સરકારમાં આ રોડના રિસર્ફેસિંગ અને નાળાપુલિયાના નવીનીકરણ માટે દરખાસ્ત મૂકી હતી, જે મંજૂર થતાં આજે આ કામનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે." તેમણે વધુમાં ઉમેર્યુ હતું કે, ૮ કરોડના ખર્ચે રોડનું રિસર્ફેસિંગ કરવામાં આવશે અને તેના પર આવેલા જર્જરિત નાળા અને પુલિયાને આર.સી.સી.થી નવા બનાવવામાં આવશે. આનાથી રોડની મજબૂતાઈ વધશે અને વાહનચાલકોને સલામત અને સુગમ મુસાફરીનો અનુભવ થશે. આ વિસ્તારના અગ્રણીઓએ ધારાસભ્યનો આભાર માનતા જણાવ્યું હતું કે, તેઓ હંમેશા લોકોની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને વિકાસના કામો કરાવવામાં તત્પર રહે છે. આ રોડ બનવાથી શાખપુર અને આસપાસના ગામોના લોકોને દામનગર અને અન્ય શહેરો સાથે જોડાવું સરળ બનશે, જેનાથી વેપાર અને રોજગારીની તકોમાં પણ વધારો થશે. આ ખાતમુહૂર્ત પ્રસંગે તાલુકા પંચાયતના સભ્યો, ગામના સરપંચો અને અન્ય આગેવાનો પણ ઉપસ્થિત રહ્યા હતા અને સૌએ આ વિકાસ કાર્યને આવકાર્યું હતું. હવે લોકો આ રોડનું કામ ઝડપથી પૂર્ણ થાય તેવી આશા રાખી રહ્યા છે.

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૨૫ | ૧૪૫૧ |
| ૨ | મગફળી | ૯૦૧ | ૧૦૫૬ |
| ૩ | ઘઉં લોકવન | ૪૧૪ | ૪૯૮ |
| ૪ | તુવેર | ૧૧૩૦ | ૧૩૦૫ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૩૦ | ૧૫૩૫ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૧૩૦ | ૧૩૯૦ |
| ૩ | મગફળી જી ૨૦ | ૯૭૯ | ૧૦૨૧ |
| ૪ | ચણા | ૧૦૭૩ | ૧૧૦૭ |
| ૫ | જીરૂ | ૩૯૬૦ | ૪૭૫૦ |
| ૬ | ઘઉં | ૪૬૧ | ૫૬૯ |
| ૭ | તુવેર | ૧૨૪૦ | ૧૩૧૦ |
| ૮ | ધાણા | ૧૪૧૦ | ૧૫૮૦ |
| ૯ | મેથી | ૯૫૦ | ૧૦૪૦ |
| ૧૦ | એરંડા | ૧૦૭૦ | ૧૧૭૦ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૭૨૨ | ૧૦૫૧ |
| ૨ | શિંગ મોટી | ૭૭૫ | ૧૦૬૦ |
| ૩ | શિંગાદાણા ફાડા | ૧૦૦૦ | ૧૨૯૦ |
| ૪ | તલ સફેદ | ૧૩૫૦ | ૨૧૫૦ |
| ૫ | તલ કાળા | ૩૯૦૦ | ૪૪૦૦ |
| ૬ | બાજરો | ૪૦૦ | ૪૦૦ |
| ૭ | જુવાર | ૫૧૦ | ૬૨૦ |
| ૮ | ઘઉં ટુકડા | ૪૫૩ | ૬૪૨ |
| ૯ | ઘઉં લોકવન | ૪૫૦ | ૫૪૨ |
| ૧૦ | ચણા | ૭૪૦ | ૧૦૯૦ |
| ૧૧ | ચણા દેશી | ૧૦૬૪ | ૧૨૭૦ |
| ૧૨ | ચણા સફેદ | ૧૦૪૦ | ૧૮૯૫ |
| ૧૩ | છોલે ચણા | ૧૦૦૦ | ૧૩૫૧ |
| ૧૪ | તુવેર | ૮૪૦ | ૧૫૫૭ |
| ૧૫ | કપાસ | ૧૦૦૦ | ૧૨૦૧ |
| ૧૬ | એરંડા | ૨૩૦૦ | ૪૫૩૦ |
| ૧૭ | જીરૂ | ૯૮૧ | ૯૮૧ |
| ૧૮ | રાયડો | ૮૦૦ | ૧૦૦૦ |
| ૧૯ | રાય | ૧૦૯૦ | ૧૪૭૫ |
| ૨૦ | ધાણા | ૧૧૦૦ | ૧૬૦૦ |
| ૨૧ | ધાણી | ૬૪૦ | ૯૭૦ |
| ૨૨ | સોયાબીન | ૬૦૦ | ૮૧૯ |
| ૨૩ | મરચા લાંબા | ૨૫૦ | ૧૮૧૦ |
| ૨૪ | દેશી મરચા | ૨૬૦ | ૨૨૫૦ |
| ૨૫ | કાંગ | ૨૦૦ | ૫૮૦ |

## જાહેર નોટિસ

આથી અમો નીચે સહી કરનાર ભાવિનભાઈ ગીરીશભાઈ વાઘેલા, રહે અક્ષરપાર્ક, હનુમાનપરા રોડ, રહે.અમરેલી વાળા આ જાહેર જનતા જોગ આ નોટિસ આપી જણાવીએ છીએ કે,

ઉપર દર્શાવેલ મારો ભાઈ દેવેન્દ્રભાઈ ગીરીશભાઈ વાઘેલા, રહે અમરેલી હાલ બરોડાવાળા અમારાથી ઘણા સમયથી અલગ રહેતા હોય, અમારે તેની સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર ન હોય અમો તથા અમારા કુટુંબને તેના સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર ન હોય, તે અમારી કે અમારા કુટુંબ સાથે રહેલા ન હોય.

જેથી મારો ભાઈ દેવેન્દ્રભાઈ ગીરીશભાઈ વાઘેલા સાથે કોઈએ અમારા નામે કોઈ વ્યવહાર કરવો નહી. અને તે જે કોઈ કૃત્ય કરે કે પ્રવૃતિ કરે તો અમારે તેની સાથે કોઈ લેવાદેવા નથી. તેની જાહેર જનતાએ નોંધ લેવી. તેમજ તેના કરેલ કોઈપણ પ્રકારનાં વ્યવહારમાં અમે સામેલ ન હોય કે સંમતી ન હોય જેથી કોઈપણ વ્યકિતએ અમારા નામે કે તેણે કરેલ કૃત્યમાં અમે સામેલ ન હોય કોઈએ કોઈ પ્રકારનો વ્યવહાર કરવો નહી. અને કરશે તો તેની જવાબદારી રહેશે. તેની સખ્ત નોંધ લેશો. જે આ જાહેર નોટિસ આપી જણાવીએ છીએ.

તા. ૧૯/૦૪/૨૦૨૫ લી.

**ભાવિનભાઈ ગીરીશભાઈ વાઘેલા**

**રે. અક્ષરપાર્ક, હનુમાનપરા રોડ અમરેલી.**


''અમરેલી એક્સપ્રેસ''

**અમારૂ ઇ–મેઇલ એડ્રેસ**

''અમરેલી એક્સપ્રેસ''ના પત્રકારોને વિનંતી કે,ઇ–મેઇલ એડ્રેસ

**amreliexpress7@gmail.com**

પર ફોટોગ્રાફસ મોકલવા.

''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક

જિલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.


## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૯૭૦ | ૧૦૪૦ |
| ૨ | શીંગ મોટી | ૧૦૦૦ | ૧૦૬૦ |
| ૩ | તલ સફેદ | ૧૭૫૧ | ૧૯૫૦ |
| ૪ | જીરૂ | ૩૭૫૧ | ૪૫૨૬ |
| ૫ | કપાસ | ૧૩૫૦ | ૧૫૦૦ |
| ૬ | ઘઉં લોકવન | ૪૮૦ | ૫૬૦ |
| ૭ | ઘઉં ટુકડા | ૫૦૦ | ૬૫૧ |
| ૮ | બાજરો | ૫૨૦ | ૬૧૦ |
| ૯ | જુવાર | ૪૦૦ | ૬૫૦ |
| ૧૦ | અજમા | ૨૦૦૦ | ૨૪૨૦ |
| ૧૧ | વાલ | ૧૦૦૦ | ૧૧૦૦ |
| ૧૨ | અડદ | ૧૧૦૦ | ૧૩૦૦ |
| ૧૩ | ચણા | ૧૦૭૦ | ૧૧૦૩ |
| ૧૪ | દેશી ચણા | ૧૧૯૦ | ૧૨૯૦ |
| ૧૫ | તુવેર | ૧૨૦૦ | ૧૪૧૩ |
| ૧૬ | એરંડી | ૧૧૦૦ | ૧૧૮૦ |
| ૧૭ | મેથી | ૬૦૦ | ૯૫૦ |
| ૧૮ | રાય/રાયડો | ૯૦૦ | ૯૭૦ |
| ૧૯ | ધાણા | ૧૩૦૦ | ૧૬૧૦ |
| ૨૦ | સોયાબીન | ૭૧૦ | ૮૦૦ |

પાના ૧ ઉપરનું ચાલું
## અમરેલીનાં ''શ્રી જવેલર્સ''નાં

અલગ–અલગ તારીખે સોનાના દાગીના કુલ રૂા. ૭૮ લાખની ત્રણ મહિનામાં રકમ આપવાની શરતે બાકી ખરીદી કરી હતી. તે બાકી રકમ વેપારીને સમય મર્યાદામાં નહી આપી અને ખોટા બહાના બતાવી રકમ રૂા. ૭૮ લાખ નહિ ચુકવી ઓળવી જઈ છેતરપીંડી વિશ્વાસઘાત કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

પાના ૧ ઉપરનું ચાલું
## નાની કુંકાવાવનાં ખેડૂત યુવક ઉપર

ગામનો એક છોકરો તથા એક છોકરી મળવા માટે આવેલ હોય અને ખેતરમાં ડ્રેગનફ્રૂટના ઝાડ નીચે બેઠા હોય. જેથી ખેડૂત વાડીએ ગયેલ હતા અને આ છોકરા–છોકરી બન્નેને વાડીએ મળવા માટે આવવું નહી તેમ કહેતા આ બન્ને ત્યાંથી જતાં રહેલા હતા. તે બાબતનું મનદુઃખ રાખી બરવાળા બાવીશી ગામે રહેતા આરોપી પ્રતાપભાઈ વાળા સહિત ૮ જેટલા ઈસમોએ એકસંપ કરી ગેરકાયદે મંડળી બનાવી ગત તા. ૧૮નાં સાંજના ૬ વાગ્યે નાની કુંકાવાવ ગામના પાદરમાં આરોપીઓએ ખેડૂત પાસે જઈ ગાળો આપી પીવીસીની લાકડી લઈ આવી ફરી ખેડૂતને ટાંટીયા ભાંગી નાખવાની ધમકી આપી પીવીસી લાકડી લઈ મારવા દોડી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ૮ સામે પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

## જાહેર નોટિસ

**// તાલુકા એકિઝકયુટિવ મેજીસ્ટ્રેટ અને મામલતદારની કોર્ટમાં, બાબરા //**

**અરજદારશ્રી :** રેખાબેન રતનભાઈ ચૌહાણ, રે.બાબરા, તા.બાબરા, જિ. અમરેલી — **જન્મ/મરણ પરચુરણ અરજી નં.૧૭/૨૦૨૫**

**મો. ૮૭૮૦૬૯૧૦૧૬ વકિલશ્રી મયુરભાઈ એમ. ગોહિલ**

**// વિરૂઘ્ઘ //**

**સામાવાળા :** જન્મ–મરણ નોંધણી અધિકારી–વ–ચીફ ઓફિસરશ્રી, નગપાલિકા બાબરા, તા. બાબરા, જિ. અમરેલી

**આથી જાહેર નોટિસથી અરજી સંબંધે લાગતાવળગતાને જાણ કરવામાં આવે છે કે, અમો આ કામના અરજદાર** રેખાબેન રતનભાઈ ચૌહાણના પુત્ર **રાહુલ રતનભાઈ ચૌહાણ** રહે. બાબરા, તા. બાબરા, જિ. અમરેલી. અરજદારના પુત્રનો જન્મ **તા. ૧૫/૧૦/૨૦૦૫** ના રોજ મોજે બાબરા તા બાબરા, જિ. અમરેલી ખાતે જન્મની નોંધ જન્મ–મરણ નોંધણી અધિકારી–વ–ચીફ ઓફિસરશ્રી, નગરપાલિકા બાબરા, તા. બાબરા જિ. અમરેલી ખાતે જન્મ–મરણ રજીસ્ટરમાં શરતચુકથી નોંધ કરાવવાની રહી ગયેલ. તેથી અરજદારે ઉપર મુજબની પુત્રના જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં **જન્મ/મરણ પરચુરણ અરજી નં.૧૭/૨૦૨૫** દાખલ કરેલ છે. જેથી તેના પુત્રના જન્મની નોંધ સામે જે કોઈને વાંધો, વિરોધ કે તકરાર હોય તો તેમણે આ નોટિસ પ્રસિધ્ધ થયેથી દિન ૩૦માં અત્રેની કોર્ટમાં તેઓએ જાતે અગર તેમના વકીલ મારફત દસ્તાવેજી પુરાવા સાથે હાજ રહેવું. જો તેમ કરવામાં કસુર કરશો, તો હાજર પક્ષકારોને સાંભળી યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે. જેની ખાસ નોંધ લેશો.

તાલુકા એકિઝકયુટિવ મેજીસ્ટ્રેટ અને મામલતદારની કોર્ટમાં, બાબરા

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૦ | ૧૫૪૦ |
| ૨ | ઘઉં લોકવન | ૪૦૦ | ૫૦૬ |
| ૩ | ઘઉં ટુકડા | ૪૬૦ | ૪૭૪ |
| ૪ | ચણા | ૮૦૦ | ૧૦૬૦ |
| ૫ | મેથી | ૬૦૦ | ૮૫૦ |
| ૬ | ધાણા | ૬૦૦ | ૧૨૫૦ |
| ૭ | મગફળી | ૬૦૦ | ૬૦૦ |
| ૮ | ચણા છોલે | ૧૧૫૩ | ૧૧૫૩ |
| ૯ | મકાઈ | ૩૯૦ | ૪૦૧ |
| ૧૦ | તુવેર | ૧૦૯૫ | ૧૨૮૦ |
| ૧૧ | રાય | ૭૨૫ | ૯૧૨ |
| ૧૨ | સોયાબીન | ૫૨૫ | ૮૧૧ |
| ૧૩ | ચણા સફેદ | ૧૦૫૦ | ૧૦૭૦ |
| ૧૪ | બાજરો | ૫૫૨ | ૫૫૨ |
| ૧૫ | ધાણી | ૧૪૨૫ | ૧૪૨૫ |

પાના ૧ ઉપરનું ચાલું
## અમરેલીનાં હનુમાનજી મંદિર વિરૂઘ્ઘ

આવેદનપત્રમાં વધુમાં જણાવેલ છે કે, આ ઈસમ દ્વારા અવાર–નવાર હિન્દુ દેવી–દેવતાઓના અપમાન થાય તેવુ વાણી વિલાસ કરી રહેલ હોય અને આ ઈસમ પોતે અનુ.જાતિના હોવાથી લોકોને ખોટી રીતે એટ્રોસીટીમાં સંડોવી દેવાની ધમકી આપતા હોવાથી અમુક લાચાર ઈસમો આ ઈસમ વિરૂઘ્ધ કોઈ અરજી કે ફરિયાદ પણ કરતા નથી.

ત્યારે હિન્દુ સનાતન ધર્મનુ અપમાન કરેલ હોય જેથી તમામ અમરેલી શહેરના તેમજ જિલ્લાના તથા હિન્દુ સમાજના લોકોની લાગણીને ઠેસ પહોંચેલ હોય. જેથી આ ઈસમ વિરૂઘ્ધ દાખલારૂપ કાયદેસરની કાર્યવાહી કરવા હિન્દુ સમાજના લોકોની લાગણી તથા માંગણી રહેલ હોય તેમજ આ ઈસમને જાહેરમાં હિન્દુ સમાજની માફી મંગાવતો વિડીયો વાયરલ કરાવવો જેથી આવુ કોઈ ગેરકૃત્ય હિન્દુ સમાજના દેવી–દેવતા વિશે બોલતા પણ વિચારે તેવી હિન્દુ સમાજના લોકોની માંગણી આપ સમક્ષ કરી રહેલ છે. તેમ આવેદનપત્રના અંતમાં માંગણી કરેલ છે.

### એકિઝકયુટીવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી

**અરજદાર :** શ્રી નારણભાઈ હિરજીભાઈ ટાંક — અપીલ અરજી નં. ૪૪/૨૦૨૫

સરનામું : રહે. ગાવડકા, તા. જિ.અમરેલી.

:: વિરૂઘ્ઘ ::

**સામાવાળા :** જન્મ – મરણ નોંધણી અધિકારીશ્રી, – વ – તલાટી–કમ–મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, મુ.ગાવડકા, તા./જિ.અમરેલી.

–: જાહેર નોટીસ :–

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટિસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના ગાવડકા ગામમાં અરજદારશ્રી **નારણભાઈ હિરજીભાઈ ટાંક** તેઓના નાના બહેન **સુમિતા હિરજીભાઈ ટાંકની જન્મ (તા.૦૧/૦૬/૧૯૭૦)**ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપકરોત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ–મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા, તકરાર હોય તો તેમણે આ નોટિસ વર્તમાનપત્રમાં પ્રસિદ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખ્યત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૦૮–૦૪–૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સિક્કો

**એકિઝકયુટીવ મેજીસ્ટ્રેટ**
**અમરેલી ગ્રામ્ય**


## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૦૦ | ૧૫૫૧ |
| ૨ | તુવેર | ૧૧૫૦ | ૧૧૫૦ |
| ૩ | ધાણા | ૮૧૧ | ૧૩૩૦ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૫૦૦ | ૯૮૧ |
| ૨ | તલ સફેદ | ૧૭૦૦ | ૧૭૦૦ |
| ૩ | કપાસ | ૧૧૦૦ | ૧૪૯૨ |
| ૪ | બાજરો | ૪૪૫ | ૫૧૧ |
| ૫ | ઘઉં ટુકડા | ૪૬૦ | ૫૭૨ |
| ૬ | જુવાર | ૬૦૧ | ૮૭૨ |
| ૭ | અડદ | ૧૦૩૦ | ૧૦૩૦ |
| ૮ | તુવેર | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૯ | ચણા | ૯૭૦ | ૧૦૭૯ |
| ૧૦ | રાય | ૯૯૦ | ૧૩૬૨ |

# સાવરકુંડલાના ઘનશ્યામનગર અને આદસંગ ગામે સગર્ભા, ધાત્રી અને કિશોરીઓને પોષણ વિશે વિસ્તૃત માર્ગદર્શન






અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકાના આંબરડી સેજાના ઘનશ્યામનગર અને આદસંગ ગામની આંગણવાડી ખાતે પોષણ પખવાડિયાની ઉજવણી અંતર્ગત સગર્ભા બહેનો, ધાત્રી માતા અને કિશોરીઓને પોષણ વિશે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ઘનશ્યામનગરના સગર્ભા બહેનો, ધાત્રી માતા, કિશોરીઓના હિમોગ્લોબીન (એચ.બી.) અને બી.એમ.આઈ. ટેસ્ટ કરવામાં આવ્યા હતા. આ સાથે સગર્ભા, ધાત્રી બહેનોને ટી.એચ.આર. નાં પેકેટનો રોજિંદા આહારમાં નિયમિત ઉપયોગ કરવા અને તેમાંથી મળતા વિટામિન, કેલ્શિયમ,ખાનીજ તત્વો વિશે પણ વિગત આપવામાં આવી હતી આ ઉપરાંત આહારમાં લીલા શાકભાજી, કઠોળ, જાડા ધાન્યનો ઉપયોગ, આઈ.એફ.એ.ની ગોળી યોગ્ય રીતે લેવા વિશે જાણકારી આપવામાં આવી હતી. કિશોરીઓને પોષણ, શિક્ષણ, આરોગ્ય, સ્વચ્છતા, શાળાના ડ્રોપ આઉટ રેશિયો ઘટે તેમજ બાળલગ્ન અટકાવવા ઉપરાંત કિશોરી સક્ષમ અને શિક્ષિત બને તે માટે કિશોરીઓને શિક્ષણનું મહત્વ સમજાવવામા આવ્યું હતું. આદસંગ ગામે પોષણ પખવાડિયાની ઉજવણીની સાથે બાળકોના સર્વાંગી વિકાસ વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમોમાં અમરેલી જિલ્લા ઈન્ચાર્જ પ્રોગ્રામ ઓફિસર દક્ષાબેન ભટ્ટ, આંબરડી સેજાના મુખ્ય સેવિકા સૃષ્ટિબેન બોરિસાગર, પ્રી–સ્કૂલ ઈન્સ્ટ્રક્ટર કેયુરભાઈ રવૈયા વગેરે ઉપસ્થિત રહ્યા હતાં, તેમ અમરેલી જિલ્લા ઈન્ચાર્જ પ્રોગ્રામ ઓફિસર દક્ષાબેન ભટ્ટે જણાવ્યું છે.

# સાવરકુંડલા : મમતાઘર બાલકેન્દ્ર આનંદ ઉત્સવ યોજાયો



સાવરકુંડલા ખાતે મંજુલાબેન દુધરેજીયાની દેખરેખમાં ચાલતા બાળકેન્દ્ર મમતાઘરમાં તા. ૧૫/૪/૨૫ના રોજ ગ્રીષ્મ સંધ્યાએ બાળકોની જ્ઞાન સાથે ગમ્મત અને આપણા મૂળ વારસા સાથે જોડી રાખતી બાળવાર્તા, ગીત નૃત્ય પ્રસ્તુતિ નાના ભૂલકાંઓની ધમાલ મસ્તી સાથે બાળ આનંદ કેન્દ્રી કાર્યક્રમ યોજાયો હતો. આ તકે ખાસ ઉપસ્થિત અમરેલી પંથકના જાણીતા બાળવાર્તાકાર વાસુદેવ સોઢાએ એમની આગવી શૈલીમાં વાર્તાઓ રજૂ કરી હતી. નાની એવી બાલિકા ખુશી બોરીસાગરએ પણ એની કાલીઘેલી બોલીમાં વાર્તા કરી સહુના દિલ જીતી લીધા હતા. વિશેષ ઉપસ્થિત પરેશ મહેતા (સંવાદ અમરેલી)એ આ બાલ વિનોદમાં સામેલ થઈ આવી સરસ પ્રવૃતિ માટે અભિનંદન પાઠવ્યા હતા. સ્થાનિક લેખક, નિવૃત દક્ષાબેન વેગડા (આઈ.સી.ડી.એસ.)એ ભાવવિભોર થઈ રાજીપો વ્યકત કર્યો હતો. સમગ્ર સંકલન અને સંચાલન સાવરકુંડલાના સેવાભાવી, હોનહાર શિક્ષક મનીષ વિંઝુડા દ્વારા એમરી આગવી શૈલીમાં જ્ઞાન કિવઝની રમત સાથે કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને અંતે સુધીરભાઈ મહેતા તરફથી બાળકોને ચોકલેટ અને મમતાઘર તરફથી આઈસ કેન્ડીની મોજ કરાવવામાં આવી હતી. બાળવાર્તા રજૂ કરનાર બાલિકા ખુશી બોરીસાગરને મનીષ વિંઝુડા ઈનામ આપી પ્રોત્સાહિત કરી હતી. મમતા ઘરના સંચાલક મંજુલાબેન દુધરેજીયાએ સ્વાગત સન્માન અને આભારવિધિ કરી હતી.

### ૨૧ એપ્રિલ 'વર્લ્ડ ક્રિએટીવીટી એન્ડ ઈનોવેશન ડે'

## નવીનતા હોય કે સર્જનાત્મકતા ભારત દેશ અપાર પ્રતિભાઓ ધરાવે છે : સુનિતા વિલિયમ્સ

### કોઈપણ પીડાનો અંત સર્જન હોય છે



અમરેલી, તા.૧૯

મા નાં ગર્ભમાં પુરા નવ મહિના રહીને જયારે બાળક આ દુનિયામાં પ્રવેશ કરવા માટે પ્રયત્નશીલ હોય છે. ત્યારે માતાને અતિશય પીડામાંથી પસાર થવું પડે છે. પરંતુ તેને દુનિયાના સર્વશ્રેષ્ઠ આનંદ નો અનુભવ કરાવે છે. સર્જનાત્મકતા જ નવસર્જનનું કારણ છે. અને નવસર્જન એ સર્જનાત્મકતાનું પરિણામ છે. જયારે પણ કોઈ કટોકટીની સમસ્યાઓ સર્જાય છે. ત્યારે એમાંથી બહાર આવવા માટે જે પ્રયત્નો કરવામાં આવે છે. તેમાંથી જ નવસર્જન થાય છે. કોરોના માટે ફકત એક વર્ષના ગાળામાં શોધાયેલ વેકસીન તેનું ઉતમ ઉદાહરણ છે. હજુ સુધી એવા કેટલાક જીવલેણ રોગો છે. જેની વેકસીન હજુ સુધી શોધાઈ નથી પરંતુ કોરોનાનાં કારણે જે વિશ્વવ્યાપી મહામારી સર્જાય હતી. એનાં કારણે જલ્દીથી જલ્દીથી વેકસીનની શોધ થઈ ગઈ. પહેલાના સમયમાં માત્ર આર્ટ અને સાયન્સના ક્ષેત્રોમાં જ સર્જનાત્મકતાની જરૂર પડતી હતી પરંતુ વધતી જતી હરીફાઈના કારણે આજે દરેક દરેક ક્ષેત્રમાં સર્જનાત્મકતાની આવશ્યકતા રહે છે. દેશમાં નીતિ આયોગનું મુખ્ય "અટલ ઈનોવેશન મિશન" સમગ્ર દેશમાં નવીનતા અને સાહસિકતાને સૌથી ઈનોવેશન યોજનાને મંજૂરી આપી હતી. સમગ્ર દેશમાં આ મિશન હેઠળ અટલ ટીંકરિંગ પ્રયોગશાળાથી જીજ્ઞાસા, સર્જનાત્મકતા અને યુવા માનસમાં કલ્પના શકિતમાં વધારો થાય અને વિવિધ કુશળતા આવે તે હેતુથી મિશનનો આરંભ કરાયો હતો. મનોવૈજ્ઞાનિક દ્રષ્ટીએ જોઈએ તો વ્યકિતની કૌટુમ્બિક પરિસ્થિતિ તેન સર્જનાત્મકતાની ખીલવણી પણ અસર કરે છે. જે કુટુંબોમાં બાળકોને અભિવ્યકિત માટેનો અવકાશ વધુ હોય, બાળકો પર dos & donts ના દબાણો ઓછા હોય તેવા બાળકો વધુ સર્જનશીલ હોય છે. આ બાબત શાળાને પણ લાગુ પડે છે. વધુ પડતું શિસ્તસભર વાતાવરણ બાળકની મૌલિકતા અને લવચિકતાને કુંઠિત કરે છે. કુટુંબ અને શાળામાં મૌલિક અભિવ્યકિત માટેનું પ્રોત્સાહન જેટલું વધારે તેટલી સર્જનાત્મકતા વધુ ખીલે છે. ડો. રાધાકૃષ્ણન કહે છે. દરેક વ્યકિત સ્વભાવે જ સર્જનશીલ હોય છે. બાળક નાનું હોય ત્યારે તેના પર શું કરવું શું ન કરવું ના દબાણો પ્રમાણમાં ઓછા હોય છે.

આથી જ તે કોઈ નવી દિશામાં વિચારી શકે છે. તેમને ઘણી વખત સર્જનશીલ પ્રતિચારો આપતાં જોયા હશે. દા.ત. મીલના ભુંગળામાંથી નીકળતો ધૂમાડો જોઈ તે કહેશે કે આ તો વાદળ બનાવવાની ફેકટરી છે. અને જેમ-જેમ ઉંમર વધતી જાય તેમ-તેમ આવું અસંગત બોલાય? હું આમ કરીશ/બોલીશ/બનાવીશ તો બીજા શું કહેશે? જેવા વિચારે આપણને અન્યના સ્વીકારની સાપેક્ષે યોગ્ય હોય તેવી અભિવ્યકિતઓ કરવા પ્રેરે છે. આમ, જેમ-જેમ ઉંમર વધતી જાય તેમ-તેમાં સર્જનાત્મકતા સામાન્ય રીતે ઘટતી જાય છે.

**મિતલ ખેતાણી**
**(મો.૯૮૨૪૨ ૨૧૯૯૯)**

## અમરેલીમાં આજે મોચી જ્ઞાતિનાં પુ. સંતશ્રી લાલાબાપની ૮૪ મી પુણ્યતિથિની આસ્થા અને ઉત્સાહભેર ઉજવણી કરાશે



અમરેલી, તા. ૧૯

અમરેલીમાં ગાત્રી શકિતપીઠ ખાતે આજે સાંજે દરેક જ્ઞાતિબંધુઓને સહપરિવાર પૂ. લાલાબાપાની ૮૪ મી પુણ્યતિથિ નિમિતે સત્સંગ-સભા-પ્રસાદ સાથે રંગેચંગે ઉજવવા માટે અમરેલી જિલ્લા મોચી જ્ઞાતી સમિતિ પ્રમુખ હિરેનભાઈ ચાવડાની અધ્યક્ષતામાં સર્વે સમિતિના સભ્યોએ આ કાર્યક્રમ સફળ બનાવવા માટે સહયોગ આપેલ છે.

### બાબરા નજીક આવેલ

## મિયા ખીજડીયા ગામે રામજી મંદિરમાં શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ

### આવતીકાલથી કથાનો થશે પ્રારંભ



બાબરા, તા. ૧૯

બાબરા તાલુકાના મિયા ખીજડિયા ગામે સમસ્ત ગામ અને સ્થાનિક મહિલા મંડળ દ્વારા આગામી તારીખ ૨૧ થી ૨૭ એપ્રિલ સુધ શ્રીમદ્ ભાગવત કથાનું ભવ્ય અને દિવ્ય આયોજન અહીં આવેલ શ્રી રામજી મંદિર ખાતે કરવામાં આવ્યું છે. ભવ્ય પોથીયાત્રા, તેમજ કથા દરમિયાન વિવિધ ધાર્મિક તેમજ પ્રાગટ્ય મહોત્સવ ની ભવ્ય ઉજવણી કરવામાં આવશે.

કથાના વ્યાસપીઠ પર ગામના સ્થાનિક યુવા શાસ્ત્રી જયેશભાઈ જોષી બિરાજી સંગીતમય શૈલી અને સુમુધુર સ્વર માં કથાનું રસપાન કરાવશે.

મિયાખીજડિયા તેમની આસપાસ ના ગ્રામજનો તેંમજ ધર્મપ્રેમી જનતા ને કથા શ્રવણ કરવા તેમજ પ્રસાદ નો લાભ લેવા જાહેર નિમંત્રણ પાઠવ્યું છે.

### પોષણ અભિયાન અંતર્ગત કામગીરી

## જિલ્લા પંચાયત આયુર્વેદ શાખા દ્વારા આંગણવાડી કેન્દ્રોમાં યોગ વિષયક માર્ગદર્શન આપવામાં આવ્યુ

### જુદા-જુદા ગામોમાં બાળકોની આરોગ્ય ચકાસણી કરાઈ



અમરેલી, તા.૧૯

રાજય સરકાર દ્વારા ' પોષણ અભિયાન પખાવાડિયા'ની ઉજવણી શરૂ છે. આ ઉજવણીના ભાગરૂપે અમરેલી જિલ્લામાં અનેકવિધ કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે. આ શ્રેણીમાં અમરેલી જિલ્લા પંચાયતની આયુર્વેદ શાખા દ્વારા અમરેલી જિલ્લાના વિવિધ ગામમાં સંચાલિત આંગણવાડીમાં યોગ વિષયક માર્ગદર્શન તેમજ આરોગ્ય તપાસણી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. બાળકોના સર્વાંગી પોષણ હેતુથી યોગ વિષયક માર્ગદર્શન દ્વારા જિલ્લાના સરસિયા, અનીડા અને જામ બરવાળામાં વિવિધ કાર્યક્રમ યોજાયા હતા. આ કાર્યક્રમમાં યોગાસન અને યોગાસન થકી થતાં ફાયદા અને નિત્યક્રમમાં યોગ કરવા વિશે સમજ આપવામાં આવી હતી.

અમરેલી ખાતે કિશોર યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં વિવિધ યોગ અભ્યાસ દ્વારા કિશોરોને યોગ કરવા માટે પ્રેરિત કરવામાં આવ્યા હતા, તેમ અમરેલી જિલ્લા આયુર્વેદ અધિકારીએ એક યાદીમાં જણાવ્યું છે.


### શ્રી બગસરા નાગરિક શરાફી સહકારી મંડળી લી. સભાસદ ભેટ અંગેની નોટીસ

શ્રી બગસરા નાગરિક શરાફી સહકારી મંડળી લી.ની તા.૧૯/૦૨/૨૦૨૫ના અમરેલી એકસપ્રેસ ન્યુજ પેપરની જાહેરાત મુજબ મંડળીની શાખા બગસરા, ધારી, અમરેલી, ચલાલા, લીલીયા મોટા, રાજકોટ, અમદાવાદ તથા વડોદરા મુકામે વર્ષ : ૨૦૨૩/૨૪ના ચોખ્ખા સભાસદોને ભેટ વિતરણ કરવામાં આવે છે. જે સભાસદોએ હજુ સુધી ભેટ વસ્તુ મેળવી લીધેલ ન હોય તેવા સભાસદોને આથી જાણ કરવામાં આવે છે કે આગામી તા. ૨૩/૦૪/૨૦૨૫ને બુધવાર સુધીમાં મંડળીની ઓફીસ સમય દરમ્યાન સભાસદે જાતે આવી ભેટ લઈ જવા જાણ કરવામાં આવે છે. ત્યારબાદ કોઈપણ સંજોગોમાં સભાસદને ભેટ વસ્તુ આપવામાં આવશે નહીં જેની નોંધ લેશોજી.

**ડી. જી. મહેતા** — જનરલ સેક્રેટરી
**નિતેષ ડોડીઆ** — જનરલ એમ.ડી.

**શ્રી બગસરા નાગરિક શરાફી સહકારી મંડળી લી. બગસરા**


### પશ્ચિમ બંગાળને લઈને નારાજગીનો માહોલ

## ઉના : હિન્દુઓ પર થતાં હુમલાનાં વિરોધમાં પ્રાંત અધિકારીને આવેદન પત્ર પાઠવાયુ

### પશ્ચિમ બંગાળમાં રાષ્ટ્રપતિ શાસન લગાવવાની માંગ



ઉના, તા. ૧૯

કેન્દ્ર સરકાર દ્વારા મંજૂર કરવામાં આવેલા વકફ બોર્ડ બિલના વિરોધમાં પશ્ચિમ બંગાળમાં તોફાનો ફાટી નીકળ્યા છે. જેમાં હિંદુઓ ઉપર ગુજારવામાં આવી રહેલા અત્યાચારના વિરોધમાં ઉના વિ હિંદુ પરિષદ દ્વારા વિશાળ રેલી કાઢવામાં આવી હતી અને ઉના પ્રાંત અધિકારીને આવેદન પત્ર આપવામાં આવ્યું હતું. આવેદન પત્રમાં પશ્ચિમ બંગાળમાં રાષ્ટ્રપતિ શાસન લાવાની માગ કરવામાં આવી હતી.

થોડા દિવસો પહેલા કેન્દ્ર સરકાર દ્વારા વકફ બિલ મંજૂર કરવામાં આવ્યું છે. જેના વિરોધમાં ઉના માં વિ હિન્દુ પરિષદ દ્વારા પોસ્ટરો અને બેનરો સાથે પશ્ચિમ બંગાળમાં રાષ્ટ્રપતિ શાસન લાવવાની માગ સાથે ત્રિકોણ બાગ થી પ્રાંત કચેરી સુધી વિશાળ રેલી કાઢવામાં આવી હતી. આ રેલીમાં મોટી સંખ્યામાં વિ હિન્દુ પરિષદના કાર્યકરો જોડાયા હતા અને મમતા સરકાર સામે ભારે સૂત્રોચ્ચાર કર્યા હતા અને કાર્યકરોએ ઉના પ્રાંત કચેરી બંગાળ સરકાર વિરોધી સુત્રોચ્ચાર કરીને ગજવી દીધી હતી. તેમજ રેલી દરમિયાન કોઈ અપ્રિય ઘટના ન બને તે માટે પોલીસ દ્વારા ચુસ્તબંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો. પોલીસ બંદોબસ્ત વચ્ચે ઉના પ્રાંત અધિકારીને વિ હિન્દુ પરિષદના નિપુલ શાહ, રામજી ભાઈ પરમાર, ભાવેશ સાંખટ, યશવંત બાંભણિયા, ચિંતન ગઢીયા સહિતના કાર્યકરોની આગેવાનીમાં આવેદનપત્ર આપવામાં આવ્યું હતું અને પશ્ચિમ બંગાળમાં રાષ્ટ્રપતિ શાસન લગાવવામાં આવે તેવી અંતમાં માંગણી કરવામાં આવી હતી.

### સોમાભાઈ બગડાને અને કિરીટભાઈ બગડા સહિત

## બાબરા ખાતે દલિત સમાજનાં અગ્રણીનું સન્માન કરાયું

### ભાજપ પ્રમુખોનું પણ કરાયુ સન્માન



બાબરા, તા.૧૯

પ્રદેશ ભાજપ દ્વારા બાબરા શહેરના પ્રમુખ કિરીટભાઈ પરવાડીયા અને તાલુકા ભાજપ પ્રમુખ હિતેશભાઈ નિમણૂક કરવામાં આવતા જિલ્લા દલિત સમાજ અગ્રણી સોમાભાઈ બગડાના નિવાસસ્થાને દલિત સમાજના આગેવાનો દ્વારા તેમજ સાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું. જેમાં જિલ્લા પંચાયત સદસ્ય પ્રભાતભાઈ કોઠીવાળ દલિત સમાજના યુવા આગેવાન કિરીટભાઈ બગડા ,ભીખુભાઈ બગડા, હસુભાઈ બગડા, ધર્મેશભાઈ બગડા, ભાવેશભાઈ બગડા, પરેશભાઈ બગડા, રાયપર જેઠાભાઈ ,સાવ ગોવિંદભાઈ પરમાર, લુણકી ચાપરાજભાઈ વાળા, દરબાર જેઠુરભાઈ ગરૈયા, દરેડ સરપંચ. દિનુભાઈ ટાંક, કરીમભાઈ કોટડીયા, અજયભાઈ બગડા, માજી સરપંચ નિલવલા માજી, સરપંચ ભીખાભાઈ જાદવ, ત્રમ્બોડા લોનકોટડા સરપંચ ગોવિંદભાઈ ચાવડા ,ગરણી અરજણભાઈ સોહલીયા માજી ચેરમેન પ્રવીણભાઈ જાદવ, ભીમજીભાઈ માધડ, ધુધરાલા જેમાં આગેવાનો દ્વારા સાલ અને ફૂલહાર થી સન્માન કરવામાં આવ્યું.

# ચલાલા ગાયત્રી પરિવાર દ્વારા ગરીબ જરૂરીયાતમંદોને ચપ્પલ વિતરણ



પૂ. સંત ડો. રતિદાદા અને રક્ષા શકિત સ્કુલના આચાર્ય તુષાર બવીષ્કાર, સંસ્કૃત શકિત ગુરૂકુળના આચાર્ય અક્ષયભાઈ શીલુ તેમજ રક્ષા શકિત સ્કુલની દીકરીઓએ આસપાસના વિસ્તારમાં ફરી જરૂરિયાતમંદ લોકોને ચપ્પલ વિતરણ કર્યા. માનવસેવા અને લોક કલ્યાણ કારી કાર્યોમાં અવિરતધારા વહેડાવતી ભાગીરથીરૂપી સંસ્થા ચલાલા અને આજુબાજુના વિસ્તાર માટે આશીર્વાદ રૂપ એવા યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ ચલાલા દ્વારા ઉનાળાની ગરમીમાં ચલાલા અને આસપાસ રસ્તે રઝળતા, ખુલ્લા પગે ચાલતા, ઝુપડપટ્ટીમાં રહેતા ગરીબ જરૂરીયાતમંદ અને નિરાધાર લોકોને ચપ્પલ વિતરણ કરવામાં આવ્યા. પૂ. સંત ડો. રતિદાદા જણાવ્યું હતું કે આવા સેવાકાર્યમાં દાતાઓનો સહયોગ ખુબ અગત્યનો છે. સેવાકાર્યથી બધા ખુબ જ ખુશ થયા હતાં. ને અંતરના આશીર્વાદ આપ્યા હતા. આ સેવાકાર્યમાં ઉર્મિલાબેન અરૂણભાઈ રૂપારેલીયા તરફથી આર્થિક સહયોગ મળેલ છે. આ કાર્યક્રમને સફળ બનાવવા ભારત ભૂષણ મહેશભાઈ મહેતા, શીતલબેન મહેતા વગેરેએ જહેમત ઉઠાવી હતી.




## કાં તો ડીએપી ના મળે કાં તો યુરિયા ખાતર પુરતા પ્રમાણમાં મળે નહી

# અમરેલી જિલ્લામાં હંમેશા ખેડૂતોને ખાતરની મુશ્કેલી

### પ્રધાનમંત્રીએ વર્ષ ૨૦૨૨ સુધીમાં ખેડૂતોની આવક બમણી કરવાનું આપેલ વચન હવાહવાઈ થઈ ગયું

### ખેડૂતોની ખાતર, પાણી, બિયારણ, પોષણક્ષમ ભાવો સહિતની સમસ્યા દૂર કરવાની જરૂર

### જિલ્લાનાં મોટાભાગનાં નેતાઓ ખેડૂત પુત્ર હોવા છતાં ખેડૂતોની સમસ્યા દૂર થતી નથી

### જિલ્લા પંચાયતનાં સભ્ય વિપુલ દુધાતે મુખ્યમંત્રીને પત્ર પાઠવીને ખાતરની તંગી દૂર કરવા માંગ કરી

અમરેલી, તા. ૧૯



અમરેલી જિલ્લાનાં ખેડૂતો છેલ્લા ઘણા વર્ષોથી ડીએપી અને યુરિયા ખાતરની તંગીનો સામનો કરી રહ્યા છે. પ્રધાનમંત્રીએ વર્ષ ૨૦૨૨ સુધીમાં દેશભરનાં ખેડૂતોની આવક બમણી કરી દેવાનું આપેલ વચન હવાહવાઈ થઈ ચુકયું છે.

અમરેલી જિલ્લાનાં મોટાભાગનાં જનપ્રતિનિધિઓ કે જેઓ પંચાયતથી લઈને પાર્લામેન્ટમાં બિરાજમાન છે તેવો ખેડૂતપુત્ર હોવા છતાં પણ જિલ્લાનાં ખેડૂતો ખાતર, અપુરતી વીજળી, પાણી, બિયારણ, નીલગાય, પોષણક્ષમ ભાવો, પાકવીમો સહિતનાં પ્રશ્ને પરેશાની ભોગવી રહ્યા છે.

અમરેલી જિલ્લો એ કૃષિ પ્રધાન જિલ્લો છે. જિલ્લાનાં ૧૫ લાખ નાગરિકોમાંથી ૮ થી ૯ લાખ નાગરિકોની રોજીરોટી પ્રત્યક્ષ કે પરોક્ષ રૂપે કૃષિ સાથે સંકળાયેલ હોવા છતાં પણ કૃષિ ક્ષેત્રમાં અનેક સમસ્યાઓ જોવા મળી રહી છે.

દરમિયાનમાં જિલ્લા પંચાયતનાં સત્તા પક્ષનાં સદસ્ય વિપુલ દુધાતે મુખ્યમંત્રીને પાઠવેલ પત્રમાં જણાવેલ છે કે, આગામી સમયમાં ચોમાસાની ૠતુ શરૂ થવાની છે અને ખેડૂતો ધ્વારા પાકની ફળદ્રુપતા માટે ચોમાસાની શરૂઆત પહેલા પાયામાં ડીએપી ખાતરની વાવણી કરવામાં આવે છે. પણ હાલમાં કંપનીઓ ધ્વારા ખાતરની તંગી હોવાનું હાલ ખેડૂતોમાં વાતાવરણ ફેલાવે છે અને ખાતરની કંપનીઓ ધ્વારા ડીએપી કે અન્ય ખાતરો સાથે ફરજીયાત વસ્તુ આપવા માટે મંડળીઓને કહેવામાં આવે છે અને ડીએપી કે અન્ય ખાતરો સાથે ફરજીયાત વસ્તુ આપવા માટેનો ઈરાદો પાર પાડવા માટે હાલ ખાતરની તંગી હોવાનું વાતાવરણ ફેલાવી ખાતરની સાથે વસ્તુ લેવા મજબુર બનાવે છે. જેથી જગતના તાત ખેડૂતોના હિતમાં તાત્કાલિક ખાતરનો જથ્થો ખેડૂતોને ફાળવવા રીલીઝ કરવામાં આવે તથા ખાતર સાથે ફરજીયાત અપાતી વસ્તુ બંધ કરાવવા વિનંતી સહ માંગણી છે.





































*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)